# श्रीमहाप्रभूजीकी

# बधाई

ધોળ ૫૬



**Girish P. Baxi**
5 Thornton Ct
E Brunswick, NJ 08816

1 શ્રી લક્ષ્મણ સુતને હું નમું ને કહું તે જેબાાય
2 શ્રી લક્ષ્મણભટ્ટને દ્વાર --- ભલે પ્રગટ્યા શ્રી વલ્લભરાય
3 શ્રી લક્ષ્મણ ગૃહ રે આજ વધામણી
4 સખી આજ તો સોંપીએ -- જય તૈલંગ તિલક ત્રિભુવન
5 શ્રી લક્ષ્મણસુતની રે રુડી
6 શ્રી વલ્લભ પ્રગટ્યા એ પ્રગટ્યા
7 અગ્નિ થકી પ્રકટ થયા વ્રજરાજ
8 જય રે વૈશાખ વદી એકાદશી રે
9 હું બલિહારી તૈલંગ કુલ દીપક (શ્રી વ્રજભૂષણ રચિત)
10 હું બલિહારી તૈલંગકુલ દીપક (શ્રી વલ્લભ દાસ રચિત)
11 શ્રી લક્ષ્મણ ભટ્ટનું ધામ રે
12 શ્રીમદ્ વલ્લભ આજ પ્રકટ હુવા રે
13 જય રે નમો શ્રી વિઠ્ઠલનાથજીના નામ
14 શ્રી વલ્લભ ઘર ઘેર વાલીડા
15 શ્રી ગોકુળગામ અતિ શોભિતાં
16 શ્રી લક્ષ્મણભટ્ટને દ્વાર આવો તો
17 લક્ષ્મણભટ્ટના લાડકવાયા
18 પ્રાગટ્યાદ ડંકો વાગ્યો
19 મારા શિર પર રાજે છે
20 અમારો પંથ છે ન્યારો
21 ભક્તિ શ્રી ડંકો ભારતમાં બજવાયા શ્રી મહાપ્રભુજીએ
22 વલ્લભનો મારગ સાચો છે
23 હું તો માગું શ્રી મહાપ્રભુજી
24 સખી આજ તો સંપારણ અરજીમાં
25 શ્રી વલ્લભ શ્રી વિઠ્ઠલ ઉર વધ ભાવ્યાં

26 તારી પરવાળી પેરાશે વલ્લભનામ નવઅક્ષરું
27 વરસ્યા ભાગ્યા છે
28 શ્રી વલ્લભ કહો શ્રી વલ્લભ કહો
29 આવો વધામણા રે ચંપારણ્ય ગામમાં
30 શ્રી વલ્લભ દુર્લભ જુગમાં કહેવે
31 શ્રી મહાપ્રભુજી ને નિત્ય સંભારીએ
32 નહીં છોડું વલ્લભ નામ
33 ધન્ય આજની ઘડી રળીયામણી
34 શ્રી મહાપ્રભુજી ગુરુજી મારા હૈયામાં બિરાજે
35 ધન્ય આજનો દિવસ રળીયામણો
36 આનંદસાગર ઉલટીયો રે ભાવે શ્રી ઇલમ્માગારુજી
37 શ્રી લક્ષ્મણ ભટ્ટ ઘેર આવ્યા સોહામણા
38 હો હો રે નાચું ચંપારણ્ય ગામે
39 પ્રગટ્યા ચંપારણ્યની માંય
40 આપને શ્રી વલ્લભ વ્હાલા, આપો તુલસીની માળા
41 મીઠી મીઠી વધાઈઓ ક્યાં વાગે
42 શ્રી વલ્લભ પ્રભુ ને વિનવું રે
43 શ્રી લક્ષ્મણ ભટ્ટજી નાં લેવે ભામણાં
44 શ્રી વલ્લભ પ્રભુ ની પ્રભાતું જી
45 ક્યારે મારા પ્રેમી પંખીડા સહુ આવશે
46 આવો મહારે આનંદ ઉર ન સમાયજી
47 આવો આનંદ મન અતિ ઘણો રે ચંપારણ્ય જયજયકાર
48 શ્રી મહાપ્રભુજી નો જન્મ જુઓ
49 આવો મારે આનંદ અંગ ન સમાયજી
50 રંગ લાગ્યો સહુણો દિનોએ

૫૧ મેરે તો આધાર શ્રી વલ્લભ કે ચરણારવિંદ
૫૨ શ્રીવલ્લભ તારી ઝાંખી હું સેવા કરવા આવી છું
૫૩ એવી ભોમકાની છાયા એવી શ્રીમહાપ્રભુજીની માયા
૫૪ ઠાકરયા હરી જપનારવા
૫૫ નગારા શ્રી વલ્લભરાય આવે આનંદ
૫૬ શ્રી વલ્લભ પ્રભુ રે
૫૭ માયાની જાળમાં જુઠા સંસારમાં
૫૮ શ્રી વલ્લભ પ્રાણો આધાર
૫૯ શ્રી લક્ષ્મણભટ્ટ લાડલુ દુલારીયા રે લોલ
૬૦ સ્મરણ કરું શ્રી વલ્લભ નામનું રે
૬૧ શ્રી વલ્લભ આપનીએ અપરંપારીએ
૬૨ શ્રી વલ્લભ પધારો મારે મંદિરીયે
૬૩ આજ તો વધાઈ છાઈ સંગારિ ધામમાં
૬૪ ભક્તનગરની પ્રેમ ગલીમાં વલ્લભ વસ્યા
૬૫ પુષ્ટિ માર્ગીના પાંચ તત્વ

# શ્રી મહાપ્રભુજીનું પ્રાગટય

શ્રી લક્ષ્મણસુતને હું નમુને કરૂ તે પ્રણામ
વાણી તે મુજને આપજો. જેય ગાંઉ જશ વિસ્તાર. (૧)
મનમાં તે આનંદ અતિ ઘણો, મુખડે કહ્યો નવ જાય
કૃપા જો હોય તમ તણી, તો દાસ કાંઈક ગાય (૨)
શ્રી લક્ષ્મણ ભટ્ટજી તાત એમના, શ્રી ઈલમાજી માત.
પ્રગટ લીલા તમ તણી, સાંભળો કહું એક વાત (૩)
શ્રી લક્ષ્મણ ભટજીના સ્વપ્નમાં, શ્રીજી પધાર્યા ઘેર
વિશ્વાધાર તમ ઘેર પ્રગટશે, તેની તો કરજો પેર, (૪)
કાશીએ જાઓ વેગે કરી, શ્રી ઈલમાજી લેજો સાથ,
પૂર્ણ પુરૂષોત્તમ પ્રગટશે, માર્ગમાં એ નાથ, (૫)
સાત વર્ષ અંહીયા રહો તોયે પ્રગટ નવ થાય,
ગર્ભવતા દુઃખ પામશે, શ્રી ઈલમાજી માય (૬)
વચન લઈ માથે ચઢાવ્યું, પ્રભુ તમો કહો છો સત્ય.
તમારૂ કહેવું સત્ય છે, અમારે ચાલવું નિર્ધાર. (૭)
ત્યાંથી વ્હાલોજી પધારીઆ, માળા તે આપી બે,
એક કંઠી કંઠ ધરી, બીજી જપ કરવાની જેહ (૮)
ભક્તિ સુંદરીને ભાવ રૂપી, મણિક એકસો ને આઠ
એ માળી નિત્ય ફેરવવી, ગ્રંથનો કરવો પાઠ (૯)
ઉપરણો શ્રી અંગનો શ્રીજીએ આપ્યો સાર,
તે વસ્ત્ર લઈ ઓઢાવજો, બાલકને વળી ત્યાંય (૧૦)
નેત્ર ઉઘાડીને જોયું, દીઠાં વસ્ત્ર અમુલ્ય,
સ્વપ્ન અમારૂ સત્ય છે, હવે ચાલવું નિરધાર. (૧૧)
ત્યાંથી પ્રભુજી પધારીઆ, ચંપારણ્યમાં રહ્યું ગાઉચાર
રાતે રોસઈ ત્યાં કરી, મનમાં કર્યો વિચાર. (૧૨)
શ્રીકૃષ્ણજીને શ્રીપ્રિયાજી, બેઉ સુંદરી સૌ સાથ,
બેઉને દર્શન આપીયાં, મલ્યા સ્વપ્નમાં એ નાથ (૧૩)

તંબોળ લઈ શ્રીપ્રિયાજીએ, આપ્યું જન્મઘુંટી બાળ
રસના વળશે તે તણી, બીજી વાણી તણો નહીં પાર , (૧૪)
પ્રાગટય શ્રી વલ્લભ દેવનું, આનંદ કહ્યો નવ જાય.
દેવલોક દુંદુંભી વાગીયાં, પુષ્પની વૃષ્ટિ થાય. (૧૫)
પ્રગટ થઈ પરાક્રમ કીધાં, વળી આનંદ છે અપાર,
નામ નિવેદન આપીને, કર્યો પુષ્ટિ અંગાકાર (૧૬)
સેવા વિવિધ કરી શીખવી, ભક્તિની પુરી આશ
જુગ જુગ જીવો વ્હાલામાં બલિહારી તે માધવદાસ (૧૭)

## ૨ — ભલે પ્રગટયા શ્રી વલ્લભરાય

શ્રી લક્ષ્મણ ભટજીને ઘેર એ કુળ દીવો રે,
ભલે પ્રગટયા શ્રી વલ્લભરાય, એ ઘણું જીવો રે, (૧)
આ એમના સુત છે બેઉ અતીશે રૂડા રે,
જે નહીં નમે એમને શીશ તે જન કુંડા રે. (૨)
શ્રી અક્કાજી કૂખે અવતર્યા સુખકારી રે,
ગોપીનાથ શ્રી વિઠ્ઠલનાથ એ પરવારી રે. (૩)
બળદેવ શ્રી ગોપીનાથજીને જાણો રે,
શ્રીકૃષ્ણ શ્રી વિઠ્ઠલનાથ એ વૃજ રાણો રે. (૪)
શ્રી પુરૂષોત્તમજીને પ્રેમ ધરીને ગાશે રે,
તેનાં જનમ જનમનાં પાપ સરવે જાશે રે. (૫)
શ્રી વિઠ્ઠલનાથજીના સાત કુંવર સુખદાતા રે,
કલિયુગમાં પુષ્ટિપ્રકાશ કરે વિખ્યાત રે (૬)
શ્રી ગિરિધરજી ગુણવંત સહુને ગમતા રે,
જઈ જુવો શ્રી નવનીત પ્રિયાજીશું રમતા રે. (૭)
શ્રી મથુરાં નાથ મનોરથ પૂરે મનના રે,
તમો સમરો શ્રી નટવરલાલ જાય દુ:ખ તનના રે. (૮)
શ્રી ગોવિંદરાય રસમગ્ન રસ ભરી નીરખો રે,
એમને મંદિરે શ્રી વિઠ્ઠલેશરાય જોઈજોઈ હરખો રે. (૯)

શ્રી બાલકૃષ્ણજી કૃપા કરી સુખ આપો રે,
શ્રી દ્વારકાનાથજીનાં રૂપ હ્યદયમાં સ્થાપો રે. (૧૦)
શ્રી વલ્લભ ગોકુલના સેવ્યા ગિરધારી રે,
જેણે રાખ્યો માલા પ્રસંગે જાઉં બલીહારી રે. (૧૧)
શ્રી રઘુપતિજી મહારાજ જોઈ મન મોહિયો રે,
શ્રી ગોકુલ ચંન્દ્રમાજીની સેવા તે શિર સોહિયે રે, (૧૨)
શ્રી યદુપતિજી રે જુગતે જોવા જેવા રે,
એમને મંદિર શ્રી બાલકૃષ્ણજીની સુંદરી સેવા સેવા ર. (૧૩)
શ્રી ઘનશ્યામજી પૂરણ કામ છે ઘણું રસીયા રે,
શ્રી મદનમોહનજી મહારાજ મારે મન વસીયા રે. (૧૪)
એ શોભા જોઈ હરિદાસ જાય બલિહારી રે,
એ લીલા ગાજો નિત્ય નર ને નારી રે. (૧૫)

શ્રી

## ૩ - શ્રી લક્ષ્મણ ગૃહ રે આજ રે વધામણા

શ્રી લક્ષ્મણ ગૃહ રે આજ રે વધામણા
પ્રગટયા શ્રી વલ્લભરાય રે. ।। સૈયર સૌ દીજીએ વધામણા ।।
પ્રથમ શ્રીનંદ ઘેર પ્રગટીયા વધામણા,
દ્વીતીયે દ્વીજવર અવતાર દે ।। સૈયર સૌ દીજીએ વધામણાં ।।
પંદરસે પાંત્રીસ સંવતે વધમણાં,
મધ્યાન્હે સમે સુખ રાસ રે, ।। સૈયર સૌ દીજીએ વધામણાં ।।
વૈશાખ વદી, એકાદશી વધામણાં,
શુભ નક્ષત્ર શુભ વાર રે, ।। સૈયર સૌ દીજીએ વધામણાં ।।
ચંપારણ્ય સોહામણાં વધામણાં,
અગ્નિના કુંડ ધન્ય ધન્ય રે, ।। સૈયર સૌ દીજીએ વધામણાં ।।
બાળ સ્વરૂપ મધ્યકુંડમાં વધામણાં,
ચરણ અંગુષ્ઠ મુખ માંય રે, ।। સૈયર સૌ દીજીએ વધામણાં ।।
દેવનાં દુંદુભિ વાગીયાં વધામણાં,
પુષ્પની વૃષ્ટિ થાય રે ।। સૈયર સૌ દીજીએ વધામણાં ।।

માતે દીધા તાતના ઉછંગમાં વધામણાં,
થયો છે જય જયકાર રે, ।। સૈયર સૌ દીજીએ વધામણાં ।।
શ્રી લક્ષ્મણ તાત આનંદીયા વધામણાં,
હરખ્યાં શ્રી ઈલંમાજી માત રે, ।। સૈયર સૌ દીજીએ વધામણાં ।।
ધાઈને તે નંદઘેર આવીયા વધામણાં,
નાળ વધેરવાને કાજ રે, ।। સૈયર સૌ દીજીએ વધામણાં ।।
ધાઈને તે પુત્ર લીધા ગોદમાં વધામણાં,
મુખ ચુંબન છુટી દુધ ધાર રે, ।। સૈયર સૌ દીજીએ વધામણાં ।।
શ્રીજીનો કેસરી ઉપરણો વધામણાં,
કંઠીને ચર્વિત ઓગળા રે, ।। સૈયર સૌ દીજીએ વધામણાં ।।
રત્ન જડીત કેરે પારણે વધામણાં,
ઝુલાવે શ્રી ઈલંમાજી માત રે, ।। સૈયર સૌ દીજીએ વધામણાં ।।
નંદ જશોદાજી આવીયા વધામણાં,
ગોપી ગ્વાલ સકલ સમાજ રે, ।। સૈયર સૌ દીજીએ વધામણાં ।।
એક નાચે ને ફરે કુંદડી વધામણાં,
ગોરસની મચીયલ કીચ રે, ।। સૈયર સૌ દીજીએ વધામણાં ।।
એક ગાયે ને સરવે ઝીલતાં વધામણાં,
મંગળ વધાઈ રસાલ રે, ।। સૈયર સૌ દીજીએ વધામણાં ।।
કદલીના સ્થંભ રોપાવીયા વધામણાં,
તોરણ બાંધ્યા છે દ્વાર રે, ।। સૈયર સૌ દીજીએ વધામણાં ।।
મોતીના ચોક પુરાવીયા વધામણાં,
કુમકુમ કેસર સાર રે, ।। સૈયર સૌ દીજીએ વધામણાં ।।
નામ કરણગર્ગ મુનીએકર્યા વધામણાં,
શ્રી વલ્લભ આચાર્ય શુભ નાર રે ।। સૈયર સૌ દીજીએ વધામણાં ।।
નામ સમર્પણ આપીયા વધામણાં,
કર ગ્રહી સોંપ્યા નિજ નાથ રે ।। સૈયર સૌ દીજીએ વધામણાં ।।
ગૂઢ સ્વરૂપે નિજ સ્વામીની વધામણાં,
નર દેહ ધરી છે અમ કાજ રે, ।। સૈયર સૌ દીજીએ વધામણાં ।।

અંગીકૃત જન સરવે જાણશે વધામણાં,
વિમુખને એ રસ દૂર રે ॥ સૈયર સૌ દીજીએ વધામણાં ॥
અમૃત કલ્પવૃક્ષ દ્રમ ફળ્યો વધામણાં,
શાખા પત્ર ફલ રસ રૂપ રે, ॥ સૈયર સૌ દીજીએ વધામણાં ॥
આપ સેવે ને સેવા શીખવે વધામણાં,
શુંગાર ભોગ પ્રકાર રે, ॥ સૈયર સૌ દીજીએ વધામણાં ॥
આપ ચરણજ કિંકરી વધામણાં,
જન્મો જનમની હું દાસ રે, ॥ સૈયર સૌ દીજીએ વધામણાં ॥

## ૪– સખી આંબો રોપીયો

જીર તૈલંગ તિલક ત્રિભુવન ધણી,
વ્હાલો પ્રગટયા શ્રી લક્ષ્મણ ગૃહે, -સખી આંબો રોપીયો
લક્ષ્મણજીએ આંબાને વાવીઓ,
શ્રી એલંમાજી શ્રેષ્ઠ પ્રકાશ, -સખી આંબો રોપીયો
સંવત પંદરસો પાંત્રીસે આંબો પ્રગટીયો,
વૈશાખ વદી એકાદશી દિન, -સખી આંબો રોપીયો
ચંપારણ્યામાં આંબાનું પ્રાગટય,
આંબાનું મુળ અગ્નિ સ્વરૂપ, -સખી આંબો રોપીયો
પ્રથમ આંબાને બે ડાળો પ્રસરી,
ગોપીનાથ શ્રી વીઠ્ઠલનાથ, -સખી આંબો રોપીયો
આંબો પ્રેમ રસથી સિંચાઈ છે,
આંબાની ડાળીઓ પહોંચી આકાશ, -સખી આંબો રોપીયો
આંબે અષ્ટોતર સત ડાળીયો,
તેનો ભાખ્યો શ્રી સર્વોત્તમ ગ્રંથ, -સખી આંબો રોપીયો
આંબો ચૌદ ભુવનમાં છાઈ રહ્યો,
તેનો વેદ કરે રે વખાણ, -સખી આંબો રોપીયો
શ્રી સિદ્ધાંત રહસ્ય આંબે મોર આવીયો,
શ્રી સુબોધનીજી આંબાનું ફળ, -સખી આંબો રોપીયો

આંબો પ્રથમ કોણે કોણે અનુભવ્યો,
આંબે રહ્યા છે કોણ રખવાળ, -સખી આંબો રોપીયો
આંબો દામોદર દાસે અનુભવ્યો,
કૃષ્ણદાસ આંબો રખવાળ, -સખી આંબો રોપીયો
માધવ ભટ્ટ કાશ્મીરીએ આંબો વેઢીયો,
રસ ભુક્તા ચોરાસી વૈષ્ણવ -સખી આંબો રોપીયો
કલીયુગમાં કલ્પવૃક્ષ શ્રી મહાપ્રભુજી,
એઉની શાખાઓ પ્રસરી અનેક, -સખી આંબો રોપીયો
આંબો એક ચિત્તથી જે સાંભરે,
એનો વૃજમાં અવિચલ વાસ -સખી આંબો રોપીયો
ધન્ય ધન્ય તૈલંગ તિલક આંબોને,
સુરદાસ બલીહારી જાય, -સખી આંબો રોપીયો

શ્રી

## ૫ — શ્રીલક્ષ્મણસુતને રે હેલી

શ્રીલક્ષ્મણસુતને રે હેલી, એમને નિરખું સર્વે પહેલી. ૧
એમના ગુણનેરે ગાશે, તેહના ભવનો ફેરો જાશે. ૨
સુત ગોપીનાથ શ્રીવિઠ્ઠલ જાય, જાણીએ કલ્પવક્ષની છાયા. ૩
પ્રકટયા દૈવીજીવ અધિકારી, મુખ છબી ઉપર જાઉં બલિહારિ. ૪
મારું ચિત્તડુ એશું બાંધ્યુ, એમની ચરણકમલ રજ માગું. ૫
ચરણે રાખો શ્રીવલ્લભનાથ, મારે મસ્તક ધરજો હાથ. ૬
શ્રીમહાલક્ષ્મીજી મહાવર આપો, મારા ભવના બંધન કાપો. ૭
પૂરવા સેવક જનના કોડ, એમને સાત કુંવરની જોડ. ૮
સાતે કુંવર છે રે એવા, સાતને સપ્ત સ્વરૂપની સેવા. ૯
શ્રીગોવર્ધનં નાથજી રે બિરાજે, સવા સાત સ્વરૂપની રાજે. ૧૦
એ શોભાં જોઈ હરિદાસ ગુણ ગાએ, એ છબી લોચન માંહી સમાએ. ૧૧

૬

## ૬– શ્રીવલ્લભ પ્રગટયા એ પ્રગટયા

શ્રીવલ્લભ પ્રગટયા એ પ્રગટયા, શ્રી લક્ષ્મણભટ્ટજીને ઘેર રે.
થઈ રહી છે લીલા લેહરરે, પુષ્ટિની કરવા પેરરે, શ્રીવલ્લભ. ૧
શ્રીવલ્લભ થયાં અવની ઉપર અજવાળાં રે, ત્રિલોકનાં તિમિર ટાળ્યાં રે,
વહાલે વેણ અમારા પાળ્યાં રે, શ્રીવલ્લભ. ૨
આદરથી આવ્યા હરિ ઘેરરે, પોતાનાંની કરવા પેરરે,
શિખવી સેવા કીધી મહેરરે. શ્રીવલ્લભ. ૩
માયામત કીધો ખંડરે, પાખંડીને કીધો દંડ રે,
એહુને યશ વાધ્યો નવ ખંડરે. શ્રીવલ્લભ. ૪
એ શ્રીલક્ષ્મણભટ્ટજીના નંદ રે. વહાલા પૂર્વ જન્મના ચંદરે,
વરતાવે છે અતિ આનંદ રે. શ્રીવલ્લભ. ૫
એ શ્રીઈલ્માગારૂજીના લાલ રે, વહાલે વૈષ્ણવ ઉપર કીધો વહાલ રે,
વહાલે દાન કીધાં કીધાં ન્યાલ રે. શ્રીવલ્લભ. ૬
નવખંડમાં નવા નવા દેશ રે, એમના ગુણ ગાય નિગમ મહેશ રે,
એમનો પાર ન પામે શેષ રે. શ્રીવલ્લભ. ૭
સુખડાંની લેહરો જાય રે, ત્યાંતો આનંદ ઉર ન સમાય રે,
હરિદાસ વલ્લભના જશ ગાય રે. શ્રીવલ્લભ. ૮

૭

## ૭– અગ્નિ થકી પ્રકટ થયા વ્રજરાજ

અગ્નિ થકી પ્રકટ થયા વ્રજરાજ,
શ્રમ ઘણો કીધો રે મહારાજ
એહના શ્રી ગિરિગોવર્ધન લાલ,
લાલ ને નામે મોટા રે મહારાજ
પત્ર લખીયા છે તેત ખેવ કી
બગીચે મેં લે ચલો રે મહારાજ
કેવો દિવસ કેવી રાત
કીયો મહિનો લખ્યો છે રે મહારાજ

વૈશાખ વદી સાર વાર
ગુરુવાર લખ્યો રે મહારાજ
છડી અસવારી સાથ
બગીચે મેલે ચલો રે મહારાજ
અગ્નિ મધ્યે રમતા દીઠા બાલ,
એલમાજી ધાઈ આવ્યા રે મહારાજ
પોતે શ્રી હસ્તે લીધા ઉચાટ,
અગ્નિએ મારગ દીધો રે મહારાજ
દેવના દંદુભિ વાગ્યા દ્વાર
કંકુના હાથા દીધા રે મહારાજ
કંકુના હાથા દીધા રે મહારાજ,
પુષ્પની વૃષ્ટિ કરી રે મહારાજ
તરીયા તોરણ બાંધ્યા દ્વાર
કે મોતીના ઝુમખડાં રે મહારાજ
કદલીના ખંભ રોપ્યા દ્વાર લીજો ચોકીને બાજઠ
રત્ને જડાવે જડીયા રે મહારાજ
તેલ ફુલેલ તણો નહિ રે પાર,
કેસરે અસનાન કીધા રે મહારાજ
અસ્નાન કરી ઉઠયા રે વ્રજરાજ,
કેસરી ધોતી ધરી રે મહારાજ
પ્રગટયા શ્રી વલ્લભ ભટકે લાલ,
કે ભોમીના ભાગ્યાતણો નહિ પાર
રસોઈઓ વહુ બેટાયોના હાથ,
વાલો મારો ભોજન કરે રે મહારાજ
ભોજન કરી ઉઠયા વ્રજરાજ,
હાથ બીડલાં ધર્યા રે મહારાજ
ખેલે શ્રી લક્ષ્મણ ભટ્ટજી નંદદ્વાર,
આંગણે મોર નાચે રે મહારાજ

દાસનો દાસ બલિહારી જાય,
કે એ લીલા મારે મન બસો રે મહારાજ
અગ્નિથકી પ્રકટ થયા રે મહારાજ

૯

## જીરે વૈશાખ વદી

જીરે વૈશાખ વદી એકાદશી રે,
જીરે શ્રીવલ્લભજી પધરાવ્યાની પેર રે,
શ્રીલક્ષ્મણ ઘેર સોહેલોજી. શ્રી. ૧
જીરે, શ્રીએલંમાજીએ મનમાં વિચારીયું રે,
જીરે સુતને પધરાવીએ ઘેર રે. શ્રી. ૨
જીરે અગ્નિકુંડે માગ જ આપીઓ રે,
જીરે વહે છે બેઉ સ્તને વહે છે પયની ધાર રે. શ્રી. ૩
જીરે નિજ્જન સરવે ઉદ્ધારવારે,
જીરે ભક્તિનો કીધો ઉપદેશ રે. શ્રી. ૪
જીરે બ્રહ્મ સંબંધ કરાવીઆં રે,
જીરે સેવા કરાવી છે પ્રીત રે. શ્રી. ૫
જીરે પુષ્ટિમાર્ગની વિવિધ ગતિ રે,
જીરે કોને તે નવ કહેવાય રે. શ્રી. ૬
જીરે એવા તે કુલમાં શ્રીકૃષ્ણ પ્રગટીયા રે,
જીરે અઢળક શ્રીવલ્લભરાય રે. શ્રી. ૭
જીરે નિઃસાધન જનહિત એ પ્રભુ રે
જીરે પ્રકટ દેખાડી છે રીતે રે. શ્રી. ૮
જીરે એહુના કારણ હરિએ દેહ ધરી રે,
જીરે તેમાં તે સંશય નહિ લગાર રે. શ્રી. ૯
જીરે શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલેશજી રે. શ્રી. ૧૦
જીરે એઉના ચરણકમલ સેવીએ રે,
જીરે છોડીએ સકલ કલેશ રે. શ્રી. ૧૧
જીરે હરિદાસ શોભા પ્રભુની નિરખતારે,
જીરે કરણકમલ ધરી ધ્યાન રે. શ્રી. ૧૨

(શ્રી વ્રજભૂષણ રચિત)

## ૯ — હું બલિહારી તૈલંગકુલ દીપક

હું બલિહારી તૈલંગકુલ દીપક, શ્રીલક્ષ્મણ તાતનેરે લોલ,
તે કુલ પ્રકટયા શ્રીવલ્લભદેવ, જગત્ હિત કારણે રે લોલ. ૧
એમના બે સુત પરમ કૃપાલ, કે ચતુર શિરોમણિ રે લોલ,
શ્રીગોપીનાથ વિઠ્ઠલનાથ, કે અમ શિર એ ધણી રે લોલ. ૨
તે શ્રીવિઠ્ઠલનાથને સાત કુંવર પ્રકટયા રે સહીરેલોલ,
જાણીએ પોતે સાત સ્વરૂપ કે ધરીને પ્રકટયા સહી રે લોલ. ૩
શ્રીગિરિધરજી પરમ સુશીલ, કે સુભટ અતિ શોભિતા રે લોલ.
શ્રીગોવિંદગાય તણો મુખચંન્દ્ર કે ભક્તજન લોભતા રે લોલ. ૪
શ્રીબાલકૃષ્ણજીના અતિશય નીલ, કે ચરણચિત્ત લાવીએ રે લોલ,
શ્રીગોકુલનાથજીના ચરણની રેણુ જગતમાં કહાવીએ રે લોલ. ૫
ચતુરશિરોમણી શ્રીરઘુનાથ, કે તેના ગુણ ગાઈએ રે લોલ,
શ્રીયદુનાથજીના ચરણસરોજ, કે તેને દુર્લભ ધારીએ રે લોલ. ૬
સમર્થ વેદ તણો અતિ વર્ણવ, કે ગુણ ઘનશ્યામના રે લોલ,
રાખો ચરણકમલની છાંયે કે પહોંચો મન કામના રે લોલ. ૭
સાત સ્વરૂપ તણો નિજ વંશ, કે જગતમં બિરાજ જો રે લોલ,
સકલ સ્વરૂપના ચરણની રેણુ કે અમર શિર ગાજજો રે લોલ. ૮
એ શ્રી વલ્લભના નિજવંશ કે જગતહિત કારણે રે લોલ,
શ્રીવ્રજભૂષણ જોઈ મુખચંન્દ્ર કે, જાયે વારણે રે લોલ. હું બલિહારી. ૯

૧૦

(શ્રી વલ્લભદાસ રચિત)

## ૧૦ - હું બલિહારી તૈલંગકુલ દીપક

હું બલિહારી તૈલંગકુલ દીપક, શ્રીલક્ષ્મણ તાતનેરે લોલ,
જે કુલ પ્રકટયા શ્રીવલ્લભદેવ, જગત હિતકારણે રે લોલ. ૧
માધો માસ કૃષ્ણ એકાદશી, ભર વૈશાખની રે લોલ,
પ્રકટ ધરીયું અગ્નિ મધ્ય કે, અગ્નિરૂપ સહી રે લોલ. ૨
સંવત પંદસે પાંત્રીસ કે, વાર રવિ ખરો રે લોલ,
સર્વે સર્યાં સેવકના કાજ કે, વ્રજજન આવી મળ્યા રે લોલ. ૩

જીવને આપ્યાં દાન અનેક, કે વાર ન લાગી ઘણી રે લોલ,
પુષ્ટિ માર્ગ ચાલ્યો મરજાદ કે, મરજાદા ક્ષણુ રે લોલ. ૪
જગતને દ્રઢા કરવાને કાજ કે, શ્રીજી આવી મળ્યા રે લોલ,
વાક્ય કહ્યું શ્રીકૃષ્ણની પ્રત્યે કે, બેઉ એકાંત મળ્યા રે લોલ. ૫
જીવ હેત રાખ્યો નિર્ધાર કે, લઈ ચરણે ધરો રે લોલ,
લાવી સોંપો અમારા ચરણ કે દ્રઢ કરી રાખીશું રે લોલ. ૬
એવાં વચન સુણીને હસીયા, કે જીવને દયા કરી રે લોલ,
નિશ્ચય વચન કહ્યા પ્રમાણ. કે ત્રણવાર ફરી ફરી રે લોલ. ૭
પછી વિચાર્યું દીનદયાલ કે તહાં હરસાણી સહી રે લોલ,
પુછવા લાગ્યા દીનદયાલ, કે કહો કછુ કહા સુનિરે લોલ. ૮
ત્યારે શિશ નમાવ્યું દાસ, કે હું સમજ્યો નહિં રે લોલ,
કૃપાનાથે કૃપા કરી રહ્યું કે સાંભળ દ્રઢ કરી રે લોલ. ૯
ભક્તજન ઉપર દયા ઘણેરી, કે હરસાણીયે લહ્યું રે લોલ,
ભક્તને આપ્યા દાન અનેક, કે મન આનંદ ઘણો રે લોલ. ૧૦
વહાલે ઉદ્ધર્યા જીવ અનેક, કે જુગ વિસ્તારને રે લોલ,
પ્રથમ હરિ હલધર પ્રગટયા, કે રસના શીકહું રે લોલ. ૧૧
માયાવાદીનો ટાળ્યો રે ભાર, કે પ્રભુસમર્થ સહીર લોલ,
ત્યાંથી આગળ ચાલ્યો વિસ્તાર, કે સાત મધ્યેરત્ન મણિ રે લોલ. ૧૨
વ્રજનો જીવન એ વિશ્રામ કે, શ્રીગોકુલનાથ ધણી રે લોલ,
જેણે જીત્યાં ખલપાખંડ, શાહજહાંગીર સહી રે લોલ. ૧૩
આપી ગજમુક્તાની માળા કે, પ્રભુ રાખે નહિ રે લોલ,
લઈને સોંપી શ્રીયમુના મધ્યે, કે શ્રીયમુનાજીએ એ હાથે ગ્રહી રે લોલ. ૧૪
ત્યારે કહી જહાંગીરને વાત, કે શાહે માની સહી રે લોલ,
માળા દેજો અમારી નાથ, કે બદલે ફરી કરૂં રે લોલ. ૧૫
શાહને લઈ બેઠા પ્રભુ નાવ, કે રૂપ જમુનાએ ધર્યું રે લોલ.
માળા આપી તત્ક્ષણ હાથ કે, શાહ રીઝ્યો ઘણું રે લોલ. ૧૬
એ સુખ નિરખે વલ્લભદાસ કે, મન આનંદ ઘણો રે લોલ. હું બલિ.

શ્રી

## ૧૧— શ્રી લક્ષ્મણ ભટ્ટજીનું ધામ રે

શ્રી લક્ષ્મણ ભટ્ટજીનું ધામ રે, દીસે અતિ સુખકારી,
કાકરખંભા ગામ રે. તે ઉપર જાઉં વારી. ૧
છે તેલંગા બ્રાહ્મણ રે, મહાયુગ પવિત્ર જાણો,
એમના કુલ મધ્યે રે શ્રી વલ્લભ પ્રગટયા જાણો. ૨
શ્રી વલ્લભ ગુણ ગાઉં રે, આનંદ પ્રેમ ભરી, તૈલંગ કુલમંડન રે,
શ્રીલક્ષ્મણ તાત સહી શેષનાગ સરીખા રે. જેહને મુખ સહસ્ત્ર ફણી. ૩
તે તો પાર ન પામ્યો રે, લીલારસ સિંધુ તણી,
અગ્નિકુંડ પ્રગટયા રે, તે લીલા ન જાય કહી. ૪
અગ્નિ મધ્યે રમતા રે, માતાજીએ દીઠા જ્યારે,
એ છે સુત મહારા રે. ધાઈને આવ્યા ત્યારે . ૫
અગ્નિએ માર્ગ દીધો રે, માતાજીને આવ્યા જાણી,
બેઉ કર સાહીને રે, કુંવરને લીધા તેડી. ૬
અમરાપતિ જુએ રે, રત્ન વિમાન ચડી,
દેવદુંદુભિ વાજે રે, ચહુ દીશ લાગી ઝડી. ૭
સુરવનિતા સહુકો રે, જોવાને આવ્યાં મળી,
અંજલિ ભરી ભરીને રે, કે પુષ્પની વૃષ્ટિ કરી. ૮
સેવકસુખ સાર રે, કે કરૂણાસિંધુ ભરી,
ફરી વ્રજ પ્રગટયા રે, કે દ્વિજવર રૂપ ધરી. ૯
એ શોભા જોઈને રે, કહે હરિદાસ વળી,
વ્રજમાં વાસ આપજો રે, કે વિનંતી ચિત્ત ધરી. ૧૦

શ્રી

## ૧૨— શ્રીમદ્‌વલ્લભ આજ પ્રકટ હુવા રે

શ્રીમદ્‌વલ્લભ આજ પ્રકટ હુવા રે, કૃષ્ણાનન દ્વિજવર અવતાર. ૧
તાત શ્રીલક્ષ્મણભટ્ટ અતિ આનંદ ભર્યા રે, ધન્ય ધન્ય માત ઈલ્માગાર. ૨
માધવમાસ કૃષ્ણ એકાદશી રે, શુભ દીન શુભ નક્ષત્ર શુભ વાર. ૩
દૈવી જીવ અનેક ઉદ્ધારવા રે, પૂર્ણ બ્રહ્મ પ્રકટયા નિર્ધાર. ૪

રાસરમણીલીલા રસ રંગ ભર્યો રે, સદા મન પ્રસન્નવદન રસરૂપ. ૫
શ્રીભાગવતપ્રતિપમણિવરભૂષિતા રે, રાજત સકલ શૃંગાર અનુપ. ૬
ચરણકમલની શોભા શી કહું રે, ઝગમગ દર્શનખ ચંન્દ્રપ્રકાશ. ૭
ચરણકમલ કોમલ અતિ શોભિતા રે, વૈષ્ણવજન શિરે સદાનિવાસ. ૮
લલિત જુગજુગ જગ સોહ્યામણા રે, પૂરણ વેદ સકલ શુભ સાર. ૯
નાભિ ગંભીર વલિત રોમાવલી રે, શું કહું શોભાનો નહિં પાર. ૧૦
વિશદ ઉર સ્થળ પર મુક્તાવલી રે. યજ્ઞોપવીતની કાન્તિ અપાર. ૧૧
તીનરેખા ગ્રીવા સુંદરી બની રે, સોહિયે તુલસીની માળ સુધાલ. ૧૨
જુગ ભુજદંડ અજા અવિલંબિતા રે, આપે ભક્ત અભયપદ દાન. ૧૩
સુંદર હસ્તકમલ લટકે કરી રે, કરે ભક્ત ને નાના ઉપદેશ. ૧૪
ચિબુક નાસા અધર અતિ મોહની રે, અદભૂત ગોળ કપોલ સુભાલ. ૧૫
નેત્રકમલ ભ્રકટી રળી આમણી રે. કૃપાદ્રષ્ટિ અવલોક વિચાર. ૧૬
વિશાળ ભાલબીચ તિલક સોહ્યામણા રે. કેશ અંબોડો ફવ્યો સુઢાર. ૧૭
કેસરીયા ધોતી ને ઉપરણા રે. જય જય શ્રીલક્ષ્મણસુત મહારાજ. ૧૮
છોકર લેહેકે બેહેકે માધુરી રે, બિરાજે શ્રીગોવિંદઘાટ સમાન. ૧૯
વૈષ્ણવનાં મન અતિ આનંદ ભર્યો રે, કરે વિવિધ મંગલ જશગાન. ૨૦
બાજે તાલ મૃદંગગતિભેદશું રે, વીણા તનમાન બંધાન. ૨૧
ગોકુલ ઘરઘર અતિઆનંદ બહુ રે, ભૂતલવર્ત્યો જય જયકાર. ૨૨
જયજયજય કરી બોલે સૌ મલી રે. ઉચ્ચરે શ્રીલક્ષ્મણસુત ગાન. ૨૩
એલીલા નિત્યપ્રતિ મનમાં વસો રે જન્મોજન્મ આપો રે વ્રજવાસ. ૨૪
શ્રીવલ્લભગુણ ગાઉં પ્રેમશું રે, વ્રજાધીશ મન સદા હુલ્લાસ. ૨૫

## ૧૩— જીરે તમો શ્રીવિઠ્ઠલનાથજીના તાત

જીરે તમો શ્રીવિઠ્ઠલનાથજીના તાત, પ્રીતેશું પ્રણમુંજી.
તમો જીવો રે સોહ્યામણાનાથ પ્રભુ તમને નમુંજી. ૧
પધાર્યા શ્રી લક્ષ્મણ ઘેર, વપુલીલા ધરી જી,
કલિ જીવની કરવા પેર, કરૂણા નિજ કરી જી. ૨

વિચારીજી અદ્ભૂતવાત, જગત ઉદ્ધારવાજી, ભવસિંધુમાં થાતાજી પાત,
જીવ નિસ્તારવાજી, કરતાંજી શુકપિક વાત આંબાશાખમાંજી. ૩
જીરે વદ પક્ષ વ્રત દિન સાર, તિથિ એકાદશી જી,
આ દેવ પુરોહિત વાર, લીલા મન વસી જી. ૪
આ ગગને દંદુભિનાદ, થાતાં સુરપતિજી,
ગાવંતજી મધુરે સુર ગાન તે સુદરી જી. ૫
અનુપમ રૂપ અગાધ શોભા સિંધુનીજી,
આ કારણ દૈવી કહાય, બ્રહ્મસંબંધનાજી. ૬
શ્રીવલ્લભ ધરીયા નામ, શ્રીવલ્લભ સર્વનેજી,
આ વારૂજી કોટિક કામ, હરતાં ગર્વને જી. ૭
સ્વરૂપ ને સેવા દાન લીલામાં વર્યાજી. ૮
ઊપાસિક ભક્ત અનેક પદ રજ જેહના જી,
આ તે પ્રભુ પામીએ કેમ, પ્રીતને સ્નેહમાંજી. ૯
મારા વ્હાલા શું માધવદાસ, માગો વળી વળી જી
મુને આપો શ્રીવ્રજમાં વાસ, એ સુખ ક્યાંય નહિં જી. ૧૦

૧૪

## ૧૭- શ્રીવલ્લભવર ઘેર આવીઆ

શ્રીવલ્લભવર ઘેર આવીઆ આજ સખી,
શ્રીવલ્લભવર ઘેર આવીઆ,
દૈવી જીવનાં ભાગ્ય વિસ્તર્યા
પોતે તે પ્રગટયા પધારીઆ. આજ સખી. ।।૧।।
કેસરી તે ધોતીને કેસરી ઉપરણા,
કુમકુમને પગલે, પધારીઆ આજ સખી. ।।૨।।
પુરુષોત્તમપ્રભુની છબી નિરખત,
ચરણકમલ શિરે નામીયા આજ સખી. ।।૩।।

## ૧૫- શ્રીગોકુલગામ અતિ શોભિતાં

શ્રીગોકુલગામ અતિ શોભિતાં શોભિતાં મંદિર માળીઆ,
ચોક ચિત્રામણ શોભિતાં શોભિતાં શોભિતાં જડિત્રને જાળીઆ. ૧
મણિ માણેક સ્થંભશોભિતા, શોભિતા હીડોળા ખાટ રે,
પાટીએ પચરંગી શોભિતા, શોભિતા ઘુઘરીના ઘાટ રે. ૨
ત્યાંહાં રે વિરાજે શ્રીવલ્લભરાજીયા, ભલી મળી વૈષ્ણવને જોડ રે,
પ્રેમે પ્રભુજી પધારીઆ, પૂર્યા નિગમાના કોડે રે. ૩
કુમકુમ થાળ રે કરે ધરી, ભરી મુક્તાફલ સાર રે,
વ્રજત્રિયા વેગે વધાવાને, આવે છે માંડલા મોડ રે. ૪
અગ્નિ થકી વ્હાલો પ્રકટીયા, કીધો છે અતિ ઘણો શ્રમ રે,
એવા પ્રભુજીને નિરખીને, કોઈ ના જાણે તેનો મર્મ રે. ૫
શ્રીવલ્લભચરણે જે નમે, તેની તે પોહોતે આશારે,
માધવદાસની વિનતી રાખજો દૃઢ વિશ્વાસ રે. ૬



## ૧૬- શ્રીલક્ષ્મણ ભટ્ટને દ્વાર ચાલો તો જોવા જઈએ

શ્રીલક્ષ્મણ ભટ્ટને દ્વાર ચાલો તો જોવા જઈએ જી,
જન્મદિવસ છે આજ મળીને ગાઈએ જી. ૧
વાજે છે ઢોલ નિશાન નોબત વાજે અતિ નવી.
થાય દુદુભિના નાદ વેદની ધ્વનિ ત્યારે હવી. ૨
બંદીજન બહુ કરે ગાન વૈષ્ણવ જાય વારણે
મોતીના ચોક પુરાય તોરણ બાંધ્યા બારણે, ૩
શ્રીવલ્લભને નવરાવ્યા, કેસરચંદન ઘસ્યા,
મર્દન કર્યા લેલ, સેવકજનનાં મન હસ્યાં. ૪
ઉષ્ણોદક પ્રભુજી નાહી, અંગવસ્ત્ર કર ધર્યા,
કેસરી ધોતી ઉપરણા સાર, પ્રભુજીએ પહેર્યા. ૫

કુમકુમ ભાલતિલક અક્ષત સોહે પીળા,
પીઢાયે બેઠા શ્રીવલ્લભ, વૈષ્ણવ નિરખે લીલા. ૬
જોવાને દેવતા આવ્યા, માર્કંડની પૂજાસમે,
શ્રીફલ ફોફળ સાર; દક્ષિણા જે જેને ગમે. ૭
સગા કુટુંબ સહું સાથ, ભોજન કીધાં પ્રીતશું,
બંદીજન વિવિધ પ્રકાર બીડાં આપ્યા રીત શું. ૮
સર્વ વૈષ્ણવજનને પ્રસાદી જુઠાણું દીધી છે,
એ શોભા જોઈ હરિદાસ પ્રીતે કરી પીધી છે. ૯

૧૭

## ૧૭- લક્ષ્મણજીના ભટ્ટજીના લાડકવાયા

લક્ષ્મણજીના ભટ્ટજીના લાડકવાયા, એલંગારૂએ ગોદ ખેલાવ્યા.
વલ્લભરાયા રે રાયા
પંદરસે પાંત્રીસની સાલે અગિયારસને વદી વૈશાખે
ચંપારણમાં રે પ્રગટયા
માધવ માસે ભર વૈશાખે કોયલ બેઠી આંબા ડાળે
મધુર મીઠુ તે બોલે.
વન વગડામાં અલીગણ ગુંજે, ચંપારણ્યમાં અગ્નિકુંડે
બાળક રમતું રે દીઠું.
માતા જોઈ મન હરખાયા, પુત્ર લેવાને આકર્ષાયા
આતુર થઈને રે ઉભા.
અગ્નિકુંડે મારગ દીધો એલંબા ગારૂએ ગોદમાં લીધા
લાલન પાલન રે કીધું.
સ્વસ્તીક વાચન કરવા કાજે પ્રિય બોલાવ્યા શ્રીલક્ષ્મણરાયે.
કુમ કુમ તિલક રે કીધું.
સુત માગધ બંદીજન આવ્યા અઢળક લક્ષ્મીજી લઈને સીધાવ્યા
જય જય શબ્દો રે બોલે
નંદ જશોદાજી ત્યાં આવ્યા ગોપ ગોવાળોની મંડળી લાવ્યા.
નંદ મહોત્સવ રે કીધો

ગોપીજન આવ્યા આતુર થઈને. દધી અક્ષત કુમકુમ સાથે લઈને
શ્રીફળ લઈને રે આવ્યા.

પારણીયે શ્રીવલ્લભ ઝૂલે. દૈવીજીવને નીરખીને ફૂલે
જગમાં આનંદ રે વ્યાપ્યો.

શ્રીવલ્લભ પ્રભુજીને ભેટ ધરીને, ગોપીજન ચાલ્યા દર્શન કરીને
અવિચળ જગમાં રે રહેજો.

સેવા રસ પ્રીત વ્રજ જનની સોંપી સેવા ગોવર્ધન ધરની
ધ્યાન દઈને રે કરજો.

સેવા રસ સાગર પ્રગટાવ્યો, વ્રજ વૃંદાવનમાંથી આવ્યો
દૈવી જીવને રે ભાવ્યો.

સ્વામીની સ્વરૂપ શ્રીવલ્લભ જાણો. દ્રઢ આશ્રય એક નિશ્ચય રાખો.
વલ્લભ ચરણે રે રહેવું.

પુરુષોત્તમ પ્રભુ વલ્લભ વાણી પ્રીતે ગાજો હ્રદયે આણી.
વલ્લભ ચરણે રે રહેવું.

૧૯

## ૧૮ બ્રહ્મવાદ ડંકો વાગ્યો

બ્રહ્મવાદ ડંકો વાગ્યો જગ ચોકમાં રે
આજ મારે આનંદદિન રળિયામણાં રે,
આજ પ્રભુ પ્રગટયા શ્રી વલ્લભ દેવ ધન્ય સાલ પંદરસોને પાંતરી રે,
ધન્ય રૂડા ચાંપારણ્યનાં ધામ .. બ્રહ્મ
દૈવીજીવ મર્યા માર્યા ભટકી રહ્યા રે પ્રગટયા ઉદ્ધારક રસ રૂપ ..બ્રહ્મ
સેવા રૂડી બતાવી શ્રીનાથજીની રે ચિંતાભાણ પ્રકાશ્યો આજ ..બ્રહ્મ
નિ:સાધન માર્ગ બતાવ્યો ભક્તિનારે, રૂડી આત્મનિવેદન રીત ..બ્રહ્મ
ભાવ ભક્તિદીનતા માટે વિનંતિ રે
નટવર માર્ગ સેવામાં સ્થિર ચિત્ત શ્રી .. બ્રહ્મ

## ૧૯ - મારા શિર પર રાજે છે

શ્રીમદ્ વલ્લભાધીશ, મારા શિર પર રાજે છે.
બાંધી પ્રીત એની સાથ, મારા શિર પર રાજે છે.
હવે ભય રહ્યો મુને શાનો, થયો સ્વામી વૃજનો રાણો.
એણે ગ્રહ્યો છે મારો હાથ, મારા શિર પર રાજે છે.
ભલે દુરીજન દેખી દાઝે, ભલે જગ રૂઠે સંગાતે
પણ ન છોડું તુજ સાથ, મારા શિર પર રાજે છે.
નવ લોક લાજ ગણકારૂ, એણે ચીત્તડુ ચોર્યું મારૂ.
પલ એક નહિં વિસારૂ, મારા શિર પર રાજે છે.
મે જોયું સઘળે તપાસી, જુઠી જગ માયા ફોસી.
નવ દીઠો કશામાં સાર, મારા શિર પર રાજે છે.
શ્રીવલ્લભવર અલબેલા, નીરખ્યા જ બધાંથી નીરાળા
ભાવાત્મક રસ ભરપુર, મારા શિર પર રાજે છે.
એ અભય દાનને દાતા, તેથી નીજ જન સૌનો સુહાતા
વિશ્વાનર વલ્લભરૂપ, મારા શિર પર રાજે છે.
સૌહતો ભાવ છટાથી, વૃન્દાવનમાં રાસ દાની
ઉર સદા વસો જયન્ત, મારા શિર પર રાજે છે.

## ૨૦ - અમારો પંથ છે ન્યારો

અમારો પંથ છે ન્યારો, સદા આનંદ દેનારો
કૃપા ભક્તિ તણો ક્યારો, પ્રભુ સાક્ષાત કરનારો.
હમારૂ પ્રાણ ધન જીવન, સુરત ઘનશ્યામ મનમોહન
જશોદા નંદ આનંદ કંદ, અલૌકિક એક એ પ્યારો.
પ્રભુ સેવા સદા કરવી, પ્રભુ લીલા સદા સ્મરવી.
હ્રદયમાં દીનતા ધરવી, શરણ છે ધ્રુવનો તારો.
પ્રભુ અર્થે બધુ કરીએ, નિરંતર શ્યામને સ્મરીએ.
અમે નિષ્કામ થઈ ફરીએ, બધો સંસાર છે ખારો.

ગમે ગોકુલ ગોવરધન, ગમે વૃજકુંજ વૃન્દાવન.
ગમે કાલિન્દીનો આરો, રમ્યો જ્યાં નંદ દુલારો.
અમારા રાહમાં ભક્તિ, વિષય વહેવાર વિરક્તિ.
પ્રભુમાં એક આસક્તિ ચઢે ત્યાં પ્રેમનો પારો.
અમારો પંથ અગ્નિનો, વિશુદ્ધ પ્રેમ લગનીનો.
વિષય ભોગી અને કામી, અમારા માર્ગથી બહારો.
હમો રસ પ્રેમ માતેલા, સદા ઘનશ્યામમાં ઘેલા.
હમો પુષ્ટિ તણા ચેલા, ગુરૂ વલ્લભ તણો સહારો.

૨૧

## ૨૧— ભક્તિ કા ડંકા

ભક્તિ કા ડંકા ભારતમેં, બજવાયા શ્રી મહાપ્રભુજીને.
પુષ્ટિકા ઝંડા આલમમે, ફરકાયા શ્રી મહાપ્રભુજીને. ૧
ભૂતલમેં કલિયુગ આયબસા, અરૂઘોર તિમિર ઘન છાય રહા.
કર નષ્ટ તિમિર, ભક્તિ દીપક પ્રગટાયા શ્રી મહાપ્રભુજીને. ૨
છોટી વયમેં સંકટ સહકર, ભારત કા પરિભ્રમણ કીયા.
આલમકો અપના ઉગ્ર તેજ, દીખલાયા શ્રી મહાપ્રભુજીને. ૩
અગીયાર વરસમેં વેદ શાસ્ત્ર, ઔર વેદાંતી વિદ્યાભ્યાસ કીયા.
દુનિયા કે સબ પંડિત ગણકો, ચમકાયા શ્રી મહાપ્રભુજીને. ૪
વિદ્યાનગરીમેં દેશ દેશકો, વિપ્ર વિબુધ વર આય રહે.
સબ અપના જોર બતાનમેં, મિથ્યા કર શોર મચાય રહે. ૫
વહાં જાકર માયાવાદ તિમિરકો, બ્રહ્મવાદસે નષ્ટ કિયા.
કર વિશ્વવિજય સાકારબ્રહ્મ, દીખલાયા શ્રી મહાપ્રભુજીને. ૬
દીક્ષા દે કરે દૈવી જનકો, શરણાંગતકા ઉપદેશ દિયા.

૨૨

## ૨૨— પૃષ્ટિ પંથ નિરાળો છે

વલ્લભનો મારગ સાચો છે, એ પુષ્ટિ પંથ નિરાળો છે.
એ શરણ માર્ગ દીનતાનો એ પૃષ્ટિપંથ નિરાળો છે.

એ મારગ આત્મ નિવેદનનો, દિનરાત પ્રભુની સેવામાં

સૌ ભાવે પ્રભુ ભજવાનો છે, એ પૃષ્ટિપંથ નિરાળો છે.

સાધન એમાં પ્રભુ સેવા છે, ફળ સેવાનું ફળ સેવા છે.

એ મારગ હરિની કૃપાનો છે, એ પૃષ્ટિપંથ નિરાળો છે

સૌના સ્વામી પ્રભુ એક જ છે, સત્તા પ્રભુની સૌ ઉપર છે.

જીવ ધર્મદાસપણાનો છે, એ પૃષ્ટિપંથ નિરાળો છે.

આ મારગ શુદ્ધ ભક્તિનો છે, ના પ્રભુને શ્રમ દેવાનો છે.

માર્ગ એવો શ્રી મહાપ્રભુજીનો છે. એ પૃષ્ટિપંથ નિરાળો છે.

જગમાં માયામત વ્યાપેલો, શુદ્ધ બ્રહ્મવાદ છુપાયેલો

એ સમય પ્રભુને પીછાન્યો છે, એ પૃષ્ટિપંથ નિરાળો છે.

એ સમયમાં પ્રભુ પ્રગટયા છે, સૌ માયાવાદને નિરાશ કર્યા

જગ બ્રહ્મવાદ પ્રગટયો છે, એ પૃષ્ટિપંથ નિરાળો છે.

વળી કૃષ્ણદવ રાજાને ત્યાં સૌ મતવાદીને સંતોષ્યા.

વલ્લભ મત સત્ય મનાયો છે, એ પૃષ્ટિપંથ નિરાળો છે.

થયો કનકાભિષેક શ્રી વલ્લભનો, અતિ આનંદ વધ્યો સભાજનોને

વલ્લભ યશ જગમાં વ્યાપ્યો છે, એ પૃષ્ટિપંથ નિરાળો છે.

કરી ભૂતળમાં ત્રણ પરિક્રમ, સૌ દેવી જીવ પર કૃપા કરવા

જગ ભક્તિનો ડંકો બજાવ્યો છે, એ પૃષ્ટિપંથ નિરાળો છે.

પ્રગટયા ભ્રતળ ચંપારણ્યમાં ધન્ય લક્ષ્મણ તાત એલમાજી માતા

કુલ તૈલંગ દીવો પ્રગટયો છે, એ પૃષ્ટિપંથ નિરાળો છે.

પ્રગટયા પંદરસો પાંત્રીસમાં રવિ અગીયારસ ચૈત્ર વદમાં

જગમાં એ દીન ઉજીયારો છે, એ પૃષ્ટિપંથ નિરાળો છે.

સૌ લીલા યશોદાનંદનની, શ્રી વલ્લભ પ્રભુજીએ પ્રગટ કરી,

હરી વૈભવ તાજો રાખ્યો છે, એ પૃષ્ટિપંથ નિરાળો છે.

હરીના મુખનો એ આનંદ છે, આનંદ પરમાનંદ છે,

દીન દાસે જશ કાંઈક ગાયો છે, એ પૃષ્ટિપંથ નિરાળો છે.

૨૩

## ૨૩- હું તો માગું શ્રીમહાપ્રભુજી

હું તો માંગુ શ્રી મહાપ્રભુજી એટલું જો,
કે આપના ચરણોમાં પ્રીતિ થાય, ......હું તો
દુ:ખના તૂટી પડે ભલે ડુંગરા રે,
તો પણ સ્મરણ આપનું ન જાય ......હું તો
સુખના સાગર કદી જો ઉછળે રે,
તો પણ સેવામાં ચિત્ત પરોવાય ......હું તો
સેવા સ્મરણ વૈષ્ણવના કામ છે.
દીનતા ભાવ હ્રદયમાં રેલાય ......હું તો
શ્રી મહાપ્રભુજી આશા જીવનની એક છે રે,
કે એકવાર દર્શન આપના થાય. ......હું તો
દાસના દાસની આ છે વિનંતી રે,
કે જો જો સેવામાં ચૂક નવ થાય. ......હું તો

૨૪

શ્રીમહાપ્રભુજીના પ્રાગટયનું ધોળ

## ૨૪- સખી ચાલો ચંપારણ્ય ચોકમાં

સખી ચાલો ચંપારણ્ય ચોકમાં રે
એવી લીલા નથી ચૌદ લોકમાં રે
જોતાં જોતાં નયણો ધરાય રે ,સખીરી ચાલો ચંપારણ્ય ચોકમાં રે
પ્રભુ પ્રકટયા છે અગ્નિના કુંડમાં રે
શોભા જોઈને નયણા હરખાય રે -સખીરી
તાત લક્ષ્મણજી ભટજી ઘણું હરખીયા રે
દેવ વિમાને ચઢીને આવીયા રે
વરસ્યા કુસુમ તણાં વરસાદ રે -સખીરી
માતા ઈલ્લામાજી ત્યાં આવીયાં રે
એ તો આવીને મહાસુખ પામીયા રે
મુખ ચુંબન છુટી દૂધ ધારે રે -સખીરી

મુની ગર્ગાચાર્ય ત્યાં આવીયા રે
શુભરાશી જોઈને સુખ પામીયા રે
નામ ધર્યું શ્રી વલ્લભ રે -સખીરી
પ્રભુ પાંચ વર્ષના ત્યાં થયા રે
ગુરૂને ઘેર વિદ્યા ભણવા ગયા રે
ભણીયા ચોસઠ વેદ પુરાણ રે -સખીરી
અગિયાર વર્ષ પરિક્રમામાં નિસર્યા રે
માતા પિતાના હેત વિસાર્યા રે
કરવા વૈષ્ણવ જનના કાજ રે -સખીરી
ત્રીસ વર્ષ કાશીમાં પાણી ગ્રહણ કર્યું રે
માતા અક્કાજીને શરણે કર્યો રે
આવી વસીયા અડેલ ગામ રે -સખીરી
એવા ચરણાટ જેના ગામ છે રે
શ્રી વિઠ્ઠલનાથીજીના ધામ છે રે
લીધો અક્કજાકુખે અવતાર રે -સખીરી
વલ્લભકુળની ચાલી વેલીઓ રે
વૈષ્ણવ જનને આનંદનો હેલીયો રે
ધન્ય ધન્ય પ્રગટયા શ્રી નાથ રે -સખીરી
એ તો પુષ્ટી માર્ગને લાવીયો રે
એવા કળીયુગમાં મહાકળી આવીયો રે
ભાગ્યે પ્રગટયા શ્રી ગોવર્ધન નાથે રે -સખીરી
વલ્લભ પ્રભુએ મનમાં વિચાર્યું રે
દૈવી જીવનાં કારજ સરીયા રે
જાય માધવદાસ બલિહારી રે -સખીરી

૨૫

## ૨૫- શ્રીવલ્લભ વિઠ્ઠલ હરિ નવ જાણ્યાં

શ્રીવલ્લભ વિઠ્ઠલ હરિ નવ જાણ્યાં, તેણે સર્વે ખોયું રે,
શું લાવ્યા શું લઈને જાશો, વારંવાર વહેવાયા રે ૧

પુષ્ટિ મારગમાં જે જન આવ્યા, વિશ્વાસે નવ વળગાળ્યા રે,
સાધન સર્વે છૂટી જશે ને હરિથી રહેશે અળગાં રે. ૨
સેવાનું ફળ સેવા કહીએ, ઋતુ પ્રમાણે મેવા રે,
સંપત પ્રમાણે સમર્પણ કરીએ, તેનું નામ જ સેવા રે. ૩
સેવા કરશે ને પાખંડ ધરશે, તે અથડાતા મરશે રે,
ભાવ વિના જે ભક્તિ કરશે, તે પથ્થરા કેમ તરશે રે. ૪
મીઠું બોલોને આચરણ ખોટાં, તેને તો ખલ કહીએ રે,
માધવદાસ તો એટલું માગે, તેનો સંગ ના કરીએ રે. ૫

૨૬

## ૨૬— તારી વરણાગી વેરાશે

તારી વરણાગી વેરાશે, વલ્લભનામ નવ જાણ્યું,
તારા દુઃખના દિવસ કેમ જાશે. વલ્લભ. ૧
તારી અકક્લ હૈયાની ફૂટી, વલ્લભ.
તારા લટકામાં વાટ ઊઠી. વલ્લભ. ૨
તું તો સગામાં સઘળે ગાજ્યો, વલ્લભ.
શ્રીગોકુલેશ નામ લેતાં લાજ્યો. વલ્લભ. ૩
સગાવહાલાં નહીં આવે કોઈ સાથે, વલ્લભ.
તું તો વિમુખ થયો છું તારે હાથે. વલ્લભ. ૪
છજાં મહેલ મેડીને ટાંકાં, વલ્લભ.
તે તો પ્રાણી તારા મન કેરાં ફાંફાં. વલ્લભ. ૫
તારાં ફૂલ ફૂલ્યાં કરમાશે, વલ્લભ.
આવો અવશર ફરી નહીં મળશે. વલ્લભ. ૬
જેને હશે ગુરૂની કૃપા, વલ્લભ નામ તેણે જાણ્યું
તેને લીલાનું સુખ સદા. વલ્લભ. ૭
કહે દાસનો દાસ કર જોડી, વલ્લભ.
કરો સત્સંગ આળસ છોડી. વલ્લભ. ૮

## ૨૭— વસમા લાગ્યા છે

વસમા લાગ્યા છે મુને મહાપ્રભુજીના વાયદા.
સુનાં લાગ્યાં છે દિન રાત રે...વસમા લાગ્યા...
ચોરાસી બેઠકો એ દર્શન થાય છે,
મીસરીના ભોગે ધરાય છે...વસમા લાગ્યા...
જલ ભરવા જાઉ ત્યારે વ્હાલો યાદ આવે,
દીલડામાં દર્દ છુપાઈ જાય રે...વસમા લાગ્યા...
ભાણે બેસુ ત્યારે, ભોજન નવ ભાવે,
કોને કહું અંતરની વાત રે...વસમા લાગ્યા...
વાટ જોઉં છું મારા વ્હાલાની વહાલથી,
નયનોમાં નયણાં મલી જાય રે...વસમા લાગ્યા...
રાત દિવસ મુને સ્વપ્નમાં આવતા,
ઉંઘમાં અજંપો થઈ જાય રે...વસમા લાગ્યા...
શ્યામનો સ્નેહ મારા નયનાં ભીંજવે છે,
હૈડું હીંડોળે ચઢી જાય રે...વસમા લાગ્યા...
વલ્લભ પ્રભુનો સ્નેહ મુને સાંભરે,
દર્શન દેજોને દિન રાત રે...વસમા લાગ્યા...

૨૮

## ૨૮— શ્રીવલ્લભ કહો

શ્રી વલ્લભ કહો શ્રી વલ્લભ કહો
વલ્લભ નામ વિના ભવ પાર નહીં ।।
શ્રી વલ્લભ નામ વિના બેડો પાર નહીં,
શ્રી વલ્લભ કહો શ્રી વલ્લભ કહો ।।
શ્રી મહાપ્રભુજી વિના ઉદ્ધાર નહીં,
શ્રી મહાપ્રભુજી વિના કોઈ મોટો નહીં ।।
શ્રી વિઠ્ઠલનાથ વિના જીવન સાર નહીં ।।
યમુનાજી વિના મન માને નહીં ।।

શ્રી નવનીતલાલ વિના નવધા ભક્તિ નહીં ॥
શ્રીદ્વારકાધીશ વિના નીકુંજ નહીં ॥
શ્રી ગોકુલનાથ વિના ગિરિરાજ નહીં ॥
શ્રી ગોકુલચંન્દ્ર વિના રાસલીલા નહીં ॥
શ્રી બાલકૃષ્ણજી વિના કોઈ પ્રબલ નહીં ॥
શ્રી મદનમોહન વિના મનગમતુ નથી ॥
શ્રી નટવર નિરખ્યા વિના નયણ નહીં ॥
શ્રી મુકુંદરાય વિના મન માને નહીં ॥
શ્રી કલ્યાણરાય વિના કલ્યાણ નહીં ॥
શ્રી વલ્લભદાસની દાસીરે શ્યામા
તારા ગુણલાનો કોઈ પાર નહીં ॥

૨૯

## ૨૯ - શ્રી મહાપ્રભુજીની વધાઈ

## આજે વધામણા રે, ચંપારણ્ય ધામમાં

(રાગ- આજે વધામણા રે ગોકુલ ગામમાં)

આજે વધામણા રે, ચંપારણ્ય ધામમાં,
પ્રગટયા શ્રીવલ્લભરાય, વધામણાં રે - ચંપા ૧

વૈશાખ માસ ને વદિ એકાદશી,
શુભ નક્ષત્ર શુભ વાર, વધામણાં રે - ચંપા ૨

તાત લક્ષ્મણ ભટ્ટ હૈયામાં હરખ્યા,
હરખ્યાં શ્રીઈલંમાજી માત, વધામણાં રે - ચંપા ૩

સોનાને પારણે લાલને ઝૂલાવિયા,
નંદમહોત્સવ કીધો, વધામણાં રે - ચંપા ૪

ભાંત ને ભાંતના ભોગ ધરાવિયા,
વૈષ્ણવને પ્રસાદ લેવરાવ્યા, વધામણાં રે - ચંપા ૫

નોબત નગારાં ને વાજિંત્રો વાગે,
માનિની તે મંગલ ગાય, વધામણાં રે - ચંપા ૬

કદલીના સ્તંભ બેની રોપ્યા છે આંગણે,
તોરણ બાંધ્યા છે દ્વાર, વધામણાં રે - ચંપા ૭
દેવનાં તે દુંદભિ વાગે આકાશમાં,
પુષપની વૃષ્ટિ થાય, વધામણાં રે - ચંપા ૮
સગાં કુટુંબીને સ્નેહ તેડાવિયાં,
વરત્યો છે જય જયકાર, વધામણાં રે - ચંપા ૯
ભાંત ને ભાંતના લાડ લડાવિયાં,
હંસી હંસી ગોદ ખેલાવ્યા, વધામણાં રે - ચંપા ૧૦
વિદ્યા અલૌકિક આપ ભણ્યા છે,
પુષ્ટિસિદ્ધાંત સમજાવ્યા, વધામણાં રે - ચંપા ૧૧
વ્રજમંડલમાં આપ બિરાજિયા,
સેવ્યા શ્રીગોવર્ધનનાથ, વધામણાં રે - ચંપા ૧૨
પરમ ઉદાર આપ દયાના સાગર,
વચનામૃત વરસાવ્યાં, વધામણાં રે - ચંપા ૧૩
વેણુગીત યુગલગીત સુંદર સબોધિની,
રસભર્યા ગ્રંથ રચાવ્યાં, વધામણાં રે - ચંપા ૧૪
પૃથ્વી પરિક્રમા ત્રણ કરીને,
અનેક જીવ શરણ લીધા, વધામણાં રે - ચંપા ૧૫
નામ-નિવેદન શ્રીજીને સનમુખ,
આપી સેવાનાં સુખ દીધાં, વધામણાં રે - ચંપા ૧૬
રસિકપ્રિયા કર જોડી કહે છે,
આપો શ્રીવ્રજમાં વાસ, વધામણાં રે - ચંપા ૧૭

૩૦

## 30 શ્રીવલ્લભ દુર્લભ જુગમાં કહીયે

શ્રીવલ્લભ દુર્લભ જુગમાં કહીયે, આણી વારજો,
ભુલ્ય ભુલ્યા જીવ પોતાના તેની કરી સંભાળજો. શ્રી...૧
ચરણકમલ મકરંદ લોભામણાં તેના ભાગ્ય અપારજો.
વચનસુધારસ શ્રવણે સીંચ્યા શ્રીસુબોધીની સારજો. શ્રી...૨

વદન માધુરી રૂપ અનુપમ કીધા વિવિધ શરણારજો,
શ્રીગોકુલ તો ફરી વસાવ્યું, શ્રીવલ્લભરાજ કુમાર જો. શ્રી...૩
નંદનવન શ્રીવલ્લભસુતશું, બાંધી પ્રીત અપારજો,
શણગાર કરીને ગિરિથી ઉતર્યા, ચાલી આંસુડાની ધારજો. શ્રી...૪
ત્રણ વાર પૃથ્વી પરિક્રમા હર્યો ભૂમિનો ભારજો,
એ વિના આવી કોણ કૃપા કરે ? એ છે પરમ ઉદારજો, શ્રી...૫
દાસ ગોપાળ ક્યાં લગી વર્ણે ? સકલ વેદ ધુરંધુર ધીરજો. શ્રી...૬

૩૨

## 31– શ્રીમહાપ્રભુજીને નિત્ય સંભારીએ જો

શ્રીમહાપ્રભુજીને નિત્ય સંભારીએ જો
એમનું ધ્યાન હૃદયમાં રાખીએ જો... શ્રી
એનું સ્મરણ કર્યાથી દોષ જાય છે જો
કે ત્રિવિધ તાપ ટળે ને મહાસુખ થાય રે જો... શ્રી
સર્વોત્તમ પાઠ ગાયત્રી મંત્ર જાણીએ જો
વૈષ્ણવ ધર્મ જાણીને એ રસ માણીએ જો... શ્રી
નામ એકસો ને આઠનો એ પાઠ છે જો
પાઠ કરવો એ આપનો પ્રતાપ છે જો.... શ્રી
પાઠ કરતાં પ્રભુમાં પ્રેમ થાય છે જો
લીલા લલીતમાાં મારુ મન જાય છે જો... શ્રી
પ્રેમ આશક્તિ વ્યસન સર્વે જાય છે જો
કૃપા મેળવી લીલામાં જીવ જાય છે જો... શ્રી
દયા દિનતા કર્યાથી કારજ સિદ્ધ થાય છે જો
એવા દયાળુ શ્રી વલ્લભ પ્રભુ રીઝશે જો... શ્રી
શ્રીમહાપ્રભુજીને નિત્ય સંભારીયે જો

૩૩

## 32– નહીં છોડું વલ્લભ નામ

નહીં છોડું વલ્લભ નામ નહીં છોડું
નહી છોડું વલ્લભ નામ નહીં છોડું

પ્યારા ગુસાંઈજી પરમ દયાલ - વલ્લભનામ
મારો ઝાલ્યો છે જમણો હાથ - વલ્લભનામ
લ્હે લાગી વલ્લભ નામ નહીં છોડું
ભય લાગ્યો વલ્લભ નામ નહીં છોડું
મારા જન્મ મરણ મટી જાય - વલ્લભનામ
વ્રજ વ્હાલું વલ્લભ નામ નહીં છોડું
ગીરી ગોવર્ધન બીરાજે છે
ત્યાં શ્રી યમુનાજી બીરાજે છે
વહે છે લહેર તરંગ ગંભીર - વલ્લભનામ
એમની આરતીનો ઘણો ભાવ - વલ્લભનામ
સાત સ્વરૂપ સાત ગાદી બીરાજે છે
વહે છે લ્હેર તરંગ ગંભીર - વલ્લભનામ
મારે આઠે સમાનો ભાવ - વલ્લભનામ
વહાલે અભય પદ આપીયા
બસો બાવન ચોર્યાસી થઈ ગયા
અષ્ટ સખાયે ગુણલા ગાયા
મને પુષ્ટીનો લાગ્યો રંગ - વલ્લભનામ
તે પ્રગટે અનુભવ આવીયા
વ્રજ વહાલું વલ્લભ નામ નહીં છોડું
મને વૈકુંઠ લાગ્યું ફીકુ ઘણું - વલ્લભનામ
આ લીલા દામોદર દાસે ગાઈ
વલ્લભ નામ નહીં છોડું
નહીં છોડું વલ્લભ નામ નહીં છોડું

૩૩

## ૩૩– ધન્ય આજની ઘડી રળીયામણી

ધન્ય આજની ઘડી રળીયામણી,
મારો વાલોજી પધાર્યાની વધમણી હોજી રે ધન્ય....

હું તો કદલીના સ્થંભ રોપાવતી
માારા વાલાજીના મંડપ રચાવતી હોજી રે ધન્ય....
પુરે પુરે સોહાગણ સાથીયો,
મારે આંગણ પધાર્યા હરિ હાથીયો હોજી રે ધન્ય....
હું તો મોતીના ચોક પુરાવતી,
મારા વાલાજીના આરતી ઉતારતી હોજી રે ધન્ય....
હું તો ફુલડાની સેજ બિછાવતી,
મારા વાલાજીને મન ઘણુ ભાવતી હોજી રે ધન્ય....
હું તો જાઉં શ્રીવલ્લભકુલને વારણે,
દાસ વલ્લભનો સ્વામી ઉભો બારણે હોજી રે ધન્ય....

૩૫

## ૩૪ — શ્રી મહાપ્રભુગુરુજી મારા હૈયામાં બિરાજો

શ્રી મહાપ્રભુગુરુજી મારા હૈયામાં બિરાજો
શ્રીવલ્લભરાયજી ગુરૂ મારા હૈયામાં બિરાજો
હૈયામાં બિરાજો વ્હાલા સાહાયક બાજો રે. ..... શ્રી મહારાજ
ભવસાગરે નાવ મારી ભુલી પડે ભટકે
કિનારે ન આવે એ તો મારગડે અટકે
એવી વેળા આવે ત્યારે મારી વ્હારે ધાજો રે ..... શ્રી મહારાજ
અંતર કેરા ઓરડામાં વ્યાપ્યુ છે અંધારૂ
તમારી કૃપાથી હૈયે થાસે અજવાળું
પ્રેરક બનીને વ્હાલા પ્રિતના થાજો રે ...... શ્રી મહારાજ
તમારો થવા માટે કેડ મેં કસી છે
તમારી કૃપાથી ભક્તિ હૈયે વસી છે
સજાવો શરીરે વ્હાલા સેવાના સાજોં રે ......શ્રી મહારાજ
વલ્લભ પ્રભુ મારી વિનંતી સ્વીકારો
કૃપા કરીને મને ચરણોમાં રાખો રે ...... શ્રી મહારાજ
શ્રી વલ્લભ રાયજી ગુરૂ મારા હૈયામાં બિરાજો

## ३५- ધન્ય આજનો દિવસ રળિયામણો

ધન્ય આજનો દિવસ રળિયામણો,
હારે મારા વલ્લભ પ્રગટાયનાં વધામણાં હોજીરે ૧
હાંરે ચાલો લક્ષ્મણભટ્ટજીને બારણે,
હાંરે થાયે ઢીઢીલીલા રૂડી રીતે હોજી રે ૨
હાંરે ગાયે ધોળ કોમળ કંઠી નારી રે,
હાંરે ઉપજે ભક્તોને આનંદ ભારી હોજી રે ૩
હાંરે ભટ્ટજી દાન કરે રૂડી પેર રે,
હાંરે ભક્તો માર્ગ સર્વસ્વનું દાન હોજી રે ૪



## ३६- આનંદસાગર ઉલટીયો રે લોલ શ્રી ઈલંમાગારૂજી દ્વાર જો

આનંદસાગર ઉલટીયો રે લોલ શ્રી ઈલંમાગારૂજી દ્વાર જો
પ્રગટયા શ્રીવલ્લભ મન ભાવતા રે લોલ ... (ટેક)
શ્રી લક્ષ્મણભટ્ટજી હરખીયા રે લોલ,
જો ને સુંદર બાળ જો ....પ્રગટયા
ચૈતર વદી એકાદશી ર લોલ,
પંદરસો પાંત્રીસની સાલ જો ....પ્રગટયા
શુભ દિન રવિવારનો રે લોલ,
મધ્યાન સમે સુખ રાસ જો ....પ્રગટયા
અગ્નિકુંડ મધ્યે ખેલતાં રે લોલ,
ચરણ અંગુષ્ઠ મુખ માંય ....પ્રગટયા
જોયા માતાજીએ બાળને રે લોલ,
ઉપજ્યું અતિશય વ્હાલ જો ....પ્રગટયા
દુધ ધાર છુટી સ્તનથી રે લોલ,
એ છે નિશ્ચય મજ બાલ જો ....પ્રગટયા

શ્રીલક્ષ્મણભટ્ટજીને પંછતા રે લોલ,
કેમકરી લઉં મુજબાળ જો ? .....પ્રગટયા
મારગ અગ્નિ આપશે ર લોલ,
એ છે અલૌકિક બાળ જો ....પ્રગટયા
અગ્નિએ મારગ આપીયો રે લોલ,
તેડી લીધા તત્કાળ જો ....પ્રગટયા
ચુંબન કરી અતિ વહાલથી રે લોલ,
આપ્યા લક્ષ્મણભટ્ટજી હાથ જો ....પ્રગટયા
હૃદય સરસાં ચાંપીયા ર લોલ,
આનંદ ઉર ન સમાય જો ....પ્રગટયા
ચંપારણ્ય શુભ સ્થાનમાં રે લોલ,
વરત્યો છે જયજયકાર જો ....પ્રગટયા
દેવના તે દુદુંભી વાગીયા રે લોલ,
આનંદ ઉત્સવ થાય જો ....પ્રગટયા
દૈવી જીવોને ઉદ્ધારવા રે લોલ,
પ્રગટયા પૂરણ બ્રહ્મ જો ....પ્રગટયા
વિરહના અગ્નિ સ્વરૂપ છે રે લોલ,
પ્રેમી પ્રીતમ રસરૂપ જો ....પ્રગટયા.

૩૭

## ૩૭ - શ્રી લક્ષ્મણ ભટ્ટ ઘેર ચાલો સોહામણી

શ્રી લક્ષ્મણ ભટ્ટ ઘેર ચાલો સોહામણી !
કંચન કલેશ લિયો માથે જી રે. ૧
પૂર્ણ આંબલિયામાં, શ્રીફલ ધરાવો,
ફૂલડાની માલ લિયો હાથ જી રે. ૨
પ્રગટ થયા છે શ્રી વલ્લભ મહાપ્રભુ,
આનંદ મંગલ થાય જી રે. ૩
કદલીના સ્તંભ, દ્વારે તોરણ બાંધ્યા,
મોતીના ચોક પુરાય જી રે. ૪

કંકુના સાથીયા કીધા આ દ્વારમાં,

વાગે નોબત શરણાઈ જી રે. ૫

ચંપારણ્યમાં ને અગ્નિના કુંડમાં,

જોને, અનુપ છબી છાઈ જી રે. ૬

ચરણ અંગુષ્ઠ મુખ લઈને બિરાજતા,

તુલસીની માલ કંઠ રાજે જી રે. ૭

પટકો કેસર ભર્યો, શોભે તે બાલને,

ભાલ તિલક છબિ છાજે જી રે. ૮

માતા ઈલંમાગારુ લીધા છે ગોદમાં,

કુમુદિની મુખડું નિહાળે જી રે. ૯

## ૩૮ – ૨૮ – હો હો રે રૂડું

હો હો રે રૂડું ચંપારણ ગાજે
ચંપારણ ગાજે ને ચરણાટ ગાજે . . . હો હો રે રૂડું

ચંપારણ ધામમાં આનંદની હેલી
લક્ષ્મણભટ્ટજી દ્વારે વલ્લભનું પ્રાગટય
એલંમાજી ને હૈયે હરખ ન માંય રે . . . હો હો રે રૂડું

આશોપાલવનાં તોરણ બંધાવીયા
ચીરના ચંદરવા ને મંડપ રચાવીયા
આંગણીએ કદલીના સ્તંભ રોપાવ્યા . . . હો હો રે રૂડું

સોન હીરાના પારણીયા બંધાવ્યા
રેશમની દોરીના ફુમતા લટકાવ્યા
માતા એલંમાજીએ પારણે ઝુલાવ્યા . . . હો હો રે રૂડું

ઝન ઝનાટ ઝન ઝનાટ ઝાલર વાગે
સન સનાટ સન સનાટ શરણાઈ વાગે
ધન ધનાટ ધન ધનાટ નોબત વાગે . . . હો હો રે રૂડું

સોનાને પારણે લાલાને ઝુલાવીયા
વિવિધ સામગ્રીના ભોગ ધરાવીયા
વૈષ્ણવોના હૈયે હરખ ન માંય રે . . . હો હો રે રૂડું

## ૩૯ – પ્રગટયા ચંપારણની માંય

પ્રગટયા ચંપારણની માંય (૨)

મંદિર દૂર દૂરથી દેખાય (૨)

ગુરુજી નૈયા ઉતારો પાર.

લક્ષ્મણ ભટ્ટજીને ઘેર પ્રગટિયા,
ઇલ્લમાગારુજી માત હરખિયા,
ધરિયો તૈલંગ કુળ અવતાર.
ભવસાગરમાં આપ છો બેલી
દૈવી જીવને શરણે મેલી,
આપ્યા બ્રહ્મસંબંધ.
ભાગવત ગ્રંથનું મથન કરીને,
શ્રી સુબોધિની પ્રકટ કરીને,
કરાવ્યું અમૃતપાન.
વલ્લભદાસની વિનતી સ્વીકારી,
શ્રી ગિરિધારી ઉરમાં આણી,
આપણો અખંડ વ્રજવાસ.
રાખો ચરણકમળની પાસ.

૪૦

## ૪૦ અમને શ્રી વલ્લભ વ્હાલા, આપી તુલસીની માળા

અમને શ્રી વલ્લભ વ્હાલા, આપી તુલસીની માળા,
અષ્ટાક્ષરનો મંત્ર આપીને શરણે અમને લીધા,
બ્રહ્મસંબંધનો ઉપદેશ આપી, પ્રભુને ચરણે દીધાં - અમને ૧
નિર્ગુણ બ્રહ્મ સાકર પ્રભુનો ઉપદેશ અમને દીધો,
અનુગ્રહથી સાધ્ય પ્રભુ એ એવો મારગ સીધો - અમને ૨
ઠકરાણી ઘાટે શ્રી મહાપ્રભુજી સૂતા અરધી રાતે,
દૈવી જીવને શરણે લેવા ચિંતા મનમાં થાતી - અમને ૩
શ્રાવણ માસના શુકલ પક્ષની અગિયારસની રાતે,
ગોવર્ધનધર સ્વયં પધાર્યા દૈવી જીવને માટે - અમને ૪
નિકુંજ-નાયક ગોવર્ધનધર આવ્યા મહાપ્રભુ પાસે,
ગદ્ય-મંત્ર દઈ શરણે લેજો નક્કી નિર્ભય થાશે - અમને ૫
અભય વચન આપ્યું ત્યાં પ્રભુએ ચિંતાને દૂર કીધી,
શરણે લઈને અમને સોંપજો એવી આજ્ઞા દીધી - અમને ૬

કર જોડીને પાયે લાગ્યા વલ્લભ બહુ હરખાયા,
શ્યામસુંદરીને નયન નીરખી ગોવિંદના ગુણ ગાયા - અમને ૭
ત્રણસો ને ત્રણ વીસ તારનું પવિત્ર સુંદર કીધું,
મિસરી ભોગ ધરી મહાપ્રભુજીએ પ્રભુને કંઠે દીધું - અમને ૮
મહાપ્રભુજીના અનન્ય સેવક દામોદર હરસાણી,
પ્રથમ સમર્પણ કર્યું એમણે સુણીને ભગવદવાણી - અમને ૯
અદેયદાન દઈ કરે કૃતાર્થ એવા વલ્લભ જાણે,
શરણ લઈને સેવા સોંપે એ પુષ્ટિ મારગ જાણે - અમને ૧૦
પુરુષોત્તમ જે પ્રીતે થશે સફળ ધશે જન્મારો
ચરણકમલ નિજ હૃદયે ધારે કોઈથી નહિં ડરનારો - અમને ૧૧

૪૨

## ૪૧ મીઠી મીઠી શહેનાઈઓ ક્યાં વાગે

મીઠી મીઠી શહેનાઈઓ ક્યાં વાગે, વાગે વાગે ચંપારણ્ય માંય,
વૈષ્ણવો મીઠી શહનાઈઓ ત્યાં વાગે.
આજે વલ્લભ પ્રભુનો પ્રાગટય થયો, બધે થયો છે જયજયકાર,
વૈષ્ણવો મીઠી શહનાઈઓ ત્યાં વાગે.
કોઈ કુમકુમને કેસર લાવે છે, કોઈ લાવે પુષ્પની માળ,
વૈષ્ણવો મીઠી શહનાઈઓ ત્યાં વાગે.
કોઈ ધોતી ઉપરણા લાવે છે, આજ વસ્ત્રોનો નહિં પાર
વૈષ્ણવો મીઠી શહનાઈઓ ત્યાં વાગે.
કોઈ સોના ખીલોની લાવે છે, ઝુલે પાલનીયા લક્ષ્મણ કુમાર,
વૈષ્ણવો મીઠી શહનાઈઓ ત્યાં વાગે.
સહુ વિધ વિધ સમગ્રી લાવે છે, આજ આનંદનો રહ્યો નહિં પાર,
વૈષ્ણવો મીઠી શહનાઈઓ ત્યાં વાગે.
દાસ વૈષ્ણવોને દર્શન કરવા છે, આજ પ્રકટયા છે પ્રાણ-આધાર
વૈષ્ણવો મીઠી શહનાઈઓ ત્યાં વાગે.

૪૨

૪૨- ## શ્રી વલ્લભ પ્રભુજીને વિનવું રે

શ્રી વલ્લભ પ્રભુજીને વિનવું રે પ્રેમશુ લાગુ છું પાય રે
શ્રી વલ્લભપ્રભુ ચરણ સેવામાં સુખ આપજો રે
કળિયુગના જીવો ઉદ્ધારવારે, ધર્યા દ્વિજ કુળ અવતાર
શ્રી વલ્લભ પ્રભુ ચરણ સેવાના સુખ આપજો રે
પુર્વના પુણ્ય પામીયારે પામ્યા છે મનુષ્ય અવતાર શ્રી વલ્લભ
અવગુણ અમારા અનેક છે રે ગણતા ન આવે પાર શ્રી વલ્લભ
અંધ કુવામાં આવી પડયો રે તૃષ્ણામાં તણાયો જાય શ્રી વલ્લભ
કરગ્રહીને કાઢીયો રે જઈને સોંપીયો શ્રીનાથજીને હાથ રે શ્રી વલ્લભ
તોય આ જીવ નથી જાણતો રે આવી પડયો મોહજાળ શ્રી વલ્લભ
બહ્મ સંબંધ કરાવીયો રે સાક્ષાત બંધાવ્યો સંબંધ શ્રી વલ્લભ
દાસના દાસની વિનંતી રે અમને દેજો શ્રી વ્રજમાં વાસ શ્રી વલ્લભ

૪૩

૪૩- ## શ્રીલક્ષ્મણ ભટ્ટજીનાં લીજે ભામણા

શ્રીલક્ષ્મણ ભટ્ટજીનાં લીજે ભામણાં ।।
તૈલંગ તિલક ને વિપ્રશિરોમણિ ભૂપજો ।।
એઉના સુત શ્રી વલ્લભનાં લઉં વારણાં,
દ્વિજરૂપે પ્રકટયા અનલ અનૂપજો ।।શ્રી।।
ધર્મધુરંધર બે સુત શ્રીવલ્લભ દેવના ।।
પ્રકટ કરવા વેદતણો વિસ્તાર જો ।।
ગુણ સહોદર, ભરિયા શ્રી ગોપીનાથજી ।।
હળ મૂસળધર હલધરનો, અવતાર જો ।।શ્રી।।
શ્રીગોવર્ધનપર ધીર વીર બલ દેવના ।।
રસનારૂપે કહીયે શ્રી નંદકુમારજો ।।
તેપુરુષોત્તમ પ્રકટયા શ્રી વિઠ્ઠલનાથજી ।।
નિર્ગુણ બ્રહ્મ એ સગુણ સનેહી સારજો ।।શ્રી।।

શ્રીવિઠ્ઠલનાથીજીના સાત લાલ સોહામણા ।।
સૌથી મોટા શ્રીગિરિધરજી મહારાજ જો ।।
શરણ ગયાને સોંપે તે શ્રીનાથજી ।।
કરવા સુંદર સેવા કેરાં કાજ જો ।।શ્રી।।
શ્રીગોવિંદરાય તણાં મન પ્રસન્ન હુલાસમાં ।।
આવે તેને આપે આનંદ દાનજો ।।
શ્રીબાલકૃષ્ણજી કોમળઅંગે રસભર્યા ।।
કરાવે છે અધર સુધારસ પાન જો ।। ।।શ્રી।।
શ્રી ગોકુલનાથ જણાવે જુગતેજીવનો ।।
એવા પોતે કહીએ પરમકૃપાલ જો ।।
શ્રીરઘુપતિજી રૂડલા નયણે નિરખતાં ।।
વદન સદનની ભુલે સંભાળજો ।।શ્રી।।
જોવા સરખા દીસો છો યદુનાથજી ।।
એ છે વ્હાલો અબળાનો અધારજો ।।
દૈવી દેખી જીવસદા ઘનશ્યામજી ।।
રેડે ઉપર અમૃત રસની ધારજો ।।શ્રી।।
એ સાતે લાલનો વંશ સદા સંસારમાં ।।
પ્રગટ બિરાજે શ્રી પુરુષોત્તમ પર બ્રહ્મજો ।।
દયો દાસ અધમ તે છે આદ્યનો ।।
એ શું જાણે શ્રી વલ્લભકુલનો મર્મ જો ।।શ્રી।।

જય ૪૪

૪૫ -

## શ્રી વલ્લભ પ્રભુજીને પ્રણમું જી

શ્રી વલ્લભ પ્રભુજીને પ્રણમું જી ।। શ્રીમહાલક્ષ્મીજી ગુણ વરણવું ।।
એમના મુખ ઉપર જાઉં બલિહારી ।। સુત શ્રી ગોપીનાથજી પર વારી ।।
શ્રીવિઠ્ઠલનાથજી સુત છોટા ।। ગુણ વરણી શકે નહિ કવિ મોટા ।।
શ્રીરુકમણી વહુજીના પ્રાણપતિ ।। છોટાં વહુજી તે શ્રી પદ્માવતી ।।
ખટ પુત્ર તે રુકમણિજીના હવા ।। પદ્માવતી પુત્ર તે એક લહ્યા ।।
એમના વેદ પુરાણે ગુણ કહ્યા ।। મોટા મુનિજન તે પાર નવ લહ્યા ।।

શ્રીગિરિધરજી સંગે ભામિની ।। ચંન્દ્ર જોઈ ચકિત થયો જામિની ।।
શ્રી ગોવિદજી સાથે વહુજી રાણી ।। એહુને જોવાને આવ્યાં ઈન્દ્રાણી ।।
શ્રી બાલકૃષ્ણની સાથે કમળાવહુ ।। એહુના જોવાને આવ્યા દેવ સહુ ।।
શ્રીગોકુલનાથજીને પાર્વતી ।। એહુને સમ આવે નહિ રંભારતિ ।।
શ્રીરઘુનાથજીને જાનકી સોહે ।। છબિ નિરખિ નિરખિ વ્રજજન મોહે ।।
શ્રીજદુનાથજી સાથે મહારાણી ।। ગુણરૂપ ચતુર મધુર વાણી ।।
શ્રી ઘનશ્યામજી સાથે કૃષ્ણાવતી ।। છોટાં વહુજી તે શ્રીભાગીરથી ।।
શ્રીલક્ષ્મી સત્યભામા સહુ ।। શ્રીનવનીત પ્રિયાજીને સેવ્યા બહુ ।।
તેના જન યમુનાને કમલા દેવકા ।। એમના સાત બાંધવ સોહામણા ।।
જે કોઈ પ્રાત: ઉઠીને સ્મરણ કરે ।। તેના જનમ જનમ અઘ હરે ।।
એ સાત સ્વરૂપ સોહામણાં ।। શોભા જોઈ હરિદાસ લેભામણાં ।।

જય – ધોળ પદ

હાંરે મારા પ્રેમી પંખીડા સહુ અવજો હો રાજ, ગોકુલમાં વલ્લભ ઝુપડી
હાંરે કોઇ આવે તેને સાથે તેડી લાવજો   હો રાજ ...ગોકુલમાં વલ્લભ ઝુપડી ૧

નીરમલ નીરમાં નહાશું ને કરશું અમીરસ, ભોજનીયાં મનભાવતાં ને ભજીશું શ્રીભગવાન
હાંરે કાયા પીંજરને પ્રેમથી પખાલશું હો રાજ ...ગોકુલમાં વલ્લભ ઝુપડી
૨

કોટી જન્મનાં પુણ્યથી મળ્યો મનુષ્ય અવતાર,ભાવધરી પ્રભુ નવ ભજીયા તો લાખો વારધી
હાં રે તુહી કૃષ્ણ છે એમ સહુ બોલજો હો રાજ ...ગોકુલમાં વલ્લભ ઝુપડી

પ્રેમ વિના પ્રભુ નવ મળે ને સિદ્ધિ કદી નવ મળે, પુરણ પ્રેમજો હોય તો વ્રજમાં વાસ ૩
હાં રે પ્રેમ સાગરમાં નાવડું ઝુકાવજો હો રાજ ...ગોકુલમાં વલ્લભ ઝુપડી

પલપલ જાય એક લાખની લઈલો રૂડી, દિવસ વીતી ચુકીયોતો ફરી નહીં મળે
હાં રે દાસ વલ્લભની વિનંતી સ્વીકારજો હો રાજ ...ગોકુલમાં વલ્લભ ઝુપડી ૪

હાં રે ખોટી લાગે તો તુરત પાછા આવજો હો રાજ ...ગોકુલમાં વલ્લભ ઝુપડી

૫

૬

૭

## ૪૬- ઘોળ ૪૬

"આજ મહારે આનંદ ઉરન સમાયજી"

આજ મહારે આનંદ ઉરન સમાયજી
પ્રગટ્યા શ્રી વલ્લભ રાજ કુમારજી
ભૂતલ ભાગ્ય તણો નહિ પારજી:
દૈવી તે જીવનો કરવા ઉદ્ધારજી
મંદિર માંહે તે ચોક પૂરાયજી
તોરણ બારણીએ બંધાયજી
હું એ કરૂં વિધવિધના શણગારજી
હરખે તેડાવું તે સૈયર સાથજી
નાચું ગાવું તાળીતે પાડું બે હાથજી
કોણે કહું કહ્યું ત નવ કહે વાયજી:
છબી પર જન રસકી બલ જાયજી
આજ મારે આનંદ ઉર ન સમાયજી

## ૪૭ ઘોળ ૪૭

"આજે આનંદ મને અતી ઘણોને"

આજે આનંદ મને અતી ઘણોને
ચંપારણ્ય જય જય કાર રે
ચંપારણ્ય જય જય કાર મારા વ્હાલા
ચંપારણ્ય જય જય કાર રે
ધન્ય ધન્ય માતા ઈલ્માજી જેણે જાયા
જુગદા ધાર રે - આજે આનંદ
કુમ કુમ ચંદન છાંટણા
મોતીડે ચોક પૂરાય રે - આજે આનંદ
શુભદિન શુભદિન શુભ ઘડી શુભ વેળાંને
ને શુભ વાર રે - આજે આનંદ

જન્મ મુહર્ત કંકોતરી લખી આવ્યા
ગંગાચાર્ય રે - આજે આનંદ
આપે એઉને વધામણી અને
જાચક ઉભા દ્વાર રે - આજે આનંદ
ધદિ છાટે ગોવાળિયાને કાંઈ
નાચે નરને નાર રે - આને આનંદ
કુસુમ વૃષ્ટિ સુર પોતે કરે.
ગોવિંદ બલ બલ જાય રે
આજે આનંદ મને અતી ઘણોને
ચંપારણ્યે જય જય કાર રે.

## શ્રી મહાપ્રભુજીનો જન્મ જુઓ

શ્રી મહાપ્રભુજીનો જન્મ જુઓ ચંપારણમાં થઈ રહ્યો
ચંપારણમાં થઈ રહ્યો ને આનંદ ઓચ્છવ થઈ રહ્યો
લાલનું સુખડું નીરખવાને માતા અધીરાં થાય
ચુંબન કરીને ગોદમાં લીધા, મહાપ્રભુજી હસી રહ્યા
સોના કેરૂં પારણું ને રેશમ કેરી દોર
માતા ઈલ્લમાના લાડકવાયા, પારણિયામાં ઝૂલી રહ્યા
દેવો વિમાને ચડી આવ્યા, પુષ્પની વૃષ્ટિ થાય
દધિ છાંટે ગોવાળિયાને આનંદ ઓચ્છવ થઈ રહ્યો
લગ્ન મૂરત ને કંકોતરી, લખી લાવ્યા ગર્ગાચાર્ય
નામ પાડયુ શ્રી વલ્લભરાય ને લક્ષ્મણભટ્ટ આનંદિયા
દૈવી ઉધ્ધારણ કારણે ભૂતળ લીધો અવતાર
ધન્ય '**દામોદરદાસજી**'ને પ્રગટ લીલા નીરખી રહ્યા

---

આજે મારે આનંદ અંગ ન સમાયજી
પ્રગટયા શ્રીવલ્લભરાજકુમારજી
પુષ્ટિ તે પંથની કરવા પેરજી
પ્રગટયા શ્રીલક્ષ્મણભટ્ટજીને ઘેરજી
દૈવી તે સૃષ્ટિને દેવા દાનજી
ચંપારણ્યમાં ઉગિયો ભાણજી
ચહુ દિશ હુવી જ્યોત પ્રકાશજી
ભક્તને હૃદયકમલમાં ઉલ્લાસજી
વૈષ્ણવ ફુલ્યા મોદ ન માંયજી
હરખે ભર્યા નરનારી સહુ ગાયજી
હાં રે સખી જન્મ દિવસ છે આજજી
હરખે તેડાવું સુજાતિ સમાજજી
નાચુ ગાવું તાલી તે પાડુ બેઉ હાથજી
માધવ દાસતે વારણે જાયજી

ધોળ -૫૮

રંગ લાગ્યો સુબોધિનીએ રંગ લાગ્યો
હવે કેમ કરી દહાડા જાય મારા વ્હાલા . . . તારી સુબોધિનીએ રંગ લાગ્યો

વ્હાલા વૈશાખ વદી એકાદશી
જન્મ્યા પંદરસો પાંત્રીસી સાલ મારા વ્હાલા . . . તારી સુબોધિનીએ રંગ લાગ્યો

પ્રગટ શ્રીચંપારણ ધામમાં.
ધન્ય ધન્ય તે અગ્નિનો કુંડ મારા વ્હાલા . . . તારી સુબોધિનીએ રંગ લાગ્યો

ધન્ય ધન્ય શ્રીલક્ષ્મણ તાતને
ધન્ય ધન્ય શ્રીઇલંમાજી માત મારા વ્હાલા . . . તારી સુબોધિનીએ રંગ લાગ્યો

વ્હાલો કળીયુગમાં પ્રગટ થયા
આપ્યા બ્રહ્મસંબંધના દાન મારા વ્હાલા . . . તારી સુબોધિનીએ રંગ લાગ્યો

વ્હાલે વિદ્યાનગરમાં વિજય કીધો
વ્હાલે ધર્યું શ્રીઆચાર્ય નામ મારા વ્હાલા . . . તારી સુબોધિનીએ રંગ લાગ્યો

વ્હાલે માયાવાદનું ખંડન કર્યું
વ્હાલે સ્થાપ્યો છે પુષ્ટિનો માર્ગ મારા વ્હાલા . . . તારી સુબોધિનીએ રંગ લાગ્યો

વ્હાલે ચરણે ચાલીને પરિક્રમા કીધી.
વ્હાલે અનેક જીવ ઉધ્ધાર્યા મારા વ્હાલા . . . તારી સુબોધિનીએ રંગ લાગ્યો

શ્રીભાગવત ગ્રંથનું મંથન કર્યું
રસ ધર્યા સુબોધિનીજી માંહય મારા વ્હાલા . . . તારી સુબોધિનીએ રંગ લાગ્યો

જેણે સુબોધિનીજીને ઓળખ્યા નથી
તેનો એળે ગયો અવતાર મારા વ્હાલા . . . તારી સુબોધિનીએ રંગ લાગ્યો

## ધોળ ૫૯ શ્રી વલ્લભ કે ચરણારવિંદ

મેરે તો આધાર શ્રી વલ્લભ કે ચરણારવિંદ
વલ્લભ કે ચરણારવિંદ શ્રી વલ્લભકે ચરણારવિંદ
માથેકો શિંગાર શ્રી વલ્લભકે ચરણારવિંદ
વલ્લભકે ચરણારવિંદ, વલ્લભકે ચરણારવિંદ
મેરે ગલેકો હાર શ્રી વલ્લભકે ચરણારવિંદ
વલ્લભકે ચરણારવિંદ, વલ્લભકે ચરણારવિંદ
સર્વ સારકો સાર, વલ્લભકે ચરણારવિંદ
વલ્લભકે ચરણારવિંદ, વલ્લભકે ચરણારવિંદ
નીરખું વારંવાર, શ્રી વલ્લભકે ચરણારવિંદ
વલ્લભકે ચરણારવિંદ, વલ્લભકે ચરણારવિંદ
વંદુ વારંવાર, શ્રી વલ્લભકે ચરણારવિંદ
વલ્લભકે ચરણારવિંદ, વલ્લભકે ચરણારવિંદ
જાઉં મેં બલિહાર, શ્રી વલ્લભકે ચરણારવિંદ
વલ્લભકે ચરણારવિંદ, વલ્લભકે ચરણારવિંદ
મેરે તો આધાર શ્રી વલ્લભકે ચરણારવિંદ

૫૨ ઢોળ [redacted]

શ્રીવલ્લભ તારી બેઠકની હું સેવા કરવા આવી છું
સાચો મંત્ર ગુરુનો લઈને, તારી પાસે આવી છું

તુલસીની માળા હાથમાં લઈને, તુલસીની કંઠી પહેરું છું
રમણ રેતી મુખમાં પધરાવી, તારી પાસે આવી છું

કંતાનનાં પગરખાં પહેરી, સરિતાનાં નીર લાવી છું
તાંબા પિત્તળનાં ઘડા ઉપર, કંતાન પણ વિંટાળુ છું

સોના ચાંદીની ઝારી અંદર, જમુના જળ પધરાવું છું
પ્રેમ કરી પુરષોત્તમ મારા, તુજને હું ધરાવું છું

ફુલની માળા ફુલનાં ગોટા, મારી પાસે લાવી છું
પ્રેમ કરી ગુંસાઈજી મારા, તુજને હું ધરાવું છું

બદામ પિસ્તા મેવા મિસરી, મારી સાથે લાવી છું
પ્રેમ કરી વ્હાલાજી મારા, તુજને હું ધરાવું છું

શ્રીવલ્લભ તારી બેઠકની હું સેવા કરવા આવી છું
તારી સેવાની વેળાએં, મોઢે ખુમાડી બાંધુ છું

તુલસી દળ તેમાં પધરાવી, તારી પ્રસાદી પામું છું
લવિંગ સોપારી પાનના બીડલાં, અંતે હું ધરાવું છું

તારા વ્રત ઉત્સવના દિવસે, સર્વોત્તમ સ્ત્રોત ઉચ્ચારું છું
સર્વોત્તમ સ્ત્રોતના પાઠ ભણીને, તુજને પાય લાગું છું

પહેલે પગથીયે પગ મૂકીને, જય જય જય જય બોલું છું
વૈષ્ણવજન સામા મળે તેને, જય શ્રીકૃષ્ણ કહું છું

બીજા પગથિયે પગ મૂકીને, શ્રીજી મોહન પુકારું છું
વ્રજનાં ઓ વ્રજ લાડીલા, તારી લીલા જોવા આવી છું

ત્રીજે પગથિયે પગ મૂકીને, આત્માની જ્યોતિ જલાવું છું
શ્રીમહાપ્રભુજીને પાયે લાગી, આત્માની શુધ્ધિ માગું છું

ચોથે પગથિયે પગ મૂકીને, ચત્રભૂજને નિહાળું છું
ચાર ભૂજનાં નાથ તમારી, સેવા હું તો માંગુ છું

પાંચમે પગથિયે પગ મૂકીને, પુષ્ટિ માર્ગને નિહાળું છું
પુષ્ટિ માર્ગના સાચા ગુરુજી, વલ્લભ તુજને જાણું છું

છઠ્ઠે પગથિયે પગ મૂકીને, છબીલાને નિહાળું છું
મેવાડના ઓ છબીલા રાજા, તારા ચરણોમાં લોટું છું

સાતમે પગથિયે પગ મૂકીને, સાતે સ્વરૂપ નિહાળું છું
તારી હું તો ઝાંખી કરવા, દૂર દેશથી આવી છું

શ્રીવલ્લભ વલ્લભ કરતાં, હું મારો જીવડો કાઢું છું
શ્રીમહાપ્રભુજીને પાયે લાગી, ભૂલચૂક માફી માંગુ છું

## ૫૩. ધોળ ૫૩

જેવી લીમડાની છાયા એવી શ્રીવલ્લભપ્રભુની માયા
માયા રાખવી પડશે, સત્સંગ કરવો પડશે

જેવાં આકાશના છે તારાં, એવા વલ્લભવર છે રઢિયાળા
દર્શન કરવા પડશે, સત્સંગ કરવો પડશે

જેવું જમનાજીનું પાણી એવી શ્રીવલ્લભપ્રભુની વાણી
વાણી સાંભળવી પડશે, સત્સંગ કરવો પડશે

જેવા ઘડિયાળનાં છે યંત્ર, એવા સર્વોત્તમ સ્ત્રોત
સ્ત્રોત કરવા પડશે, સત્સંગ કરવો પડશે

જેવા ગુલાબના છે રૂપ, એવા શ્રીવલ્લભ વિશ્વ સ્વરૂપ
વિરહ સહેવો પડશે, સત્સંગ કરવો પડશે

જેવી મોગરાની વાડીઓ, એવી યમુનાજીની ઝારીઓ
ઝારીઓ ભરવી પડશે, સત્સંગ કરવો પડશે

જેવી લીમડાની છાયા, એવી સંસારીની માયા
માયા છોડવી પડશે, સત્સંગ કરવો પડશે

જેવી સંસારીની બુધ્ધિ, એવી શ્રીવલ્લભકુળની કંઠી
કંઠી પહેરવી પડશે, સત્સંગ કરવો પડશે

જેવો ચોમાસાનો વરસાદ, એવો અનનકુટનો પરસાદ
પરસાદ લેવો પડશે, સત્સંગ કરવો પડશે

જેવો ગોકુળ મથુરાનો ટાવર, એવો કનૈયાનો પાવર
પાવર વેઠવો પડશે, સત્સંગ કરવો પડશે

જેવી આંબાની છાયા; તેવી શ્રીવલ્લભકુળની માયા
માયા કરવી પડશે, સત્સંગ કરવો પડશે

## ૫૪ ધોળ મધુ ૫૪

પ્રગટયા દૈવી જીવ તારવા, વલ્લભ પ્રભુ પ્રગટયા દૈવી જીવ તારવા
વૈષ્ણવોને મહાસુખ આપવા, વલ્લભ પ્રભુ પ્રગટયા દૈવી જીવ તારવા
વલ્લભગારુજીની કુખે અવતરિયા, લક્ષ્મણભટ્ટજીના કુળમાં
વલ્લભ પ્રભુ પ્રગટયા દૈવી જીવ તારવા
ચંપારણ્યની ભુમિ પવિત્ર થઇ, વૈશ્વાનર રુપે પધારિયા
વલ્લભ પ્રભુ પ્રગટયા દૈવી જીવ તારવા
શાસ્ત્રો પુરાણ વેદ શ્રુતિ સ્મૃતિ જાણીને, શુધ્ધાદ્વૈત સિધ્ધાંત સ્થાપવા
વલ્લભ પ્રભુ પ્રગટયા દૈવી જીવ તારવા
વિજયનગરમાં આપ પધારિયા, પંડિતોના ગર્વ ઉતારિયા
વલ્લભ પ્રભુ પ્રગટયા દૈવી જીવ તારવા
દેવકીના પુત્ર કૃષ્ણ એકમાત્ર સાર છે, સેવા ભક્તિનો માર્ગ સ્થાપવા
વલ્લભ પ્રભુ પ્રગટયા દૈવી જીવ તારવા
પુષ્ટિ મારગના આપ પ્રવર્તક; બ્રહ્મસંબંધને સ્થાપવા
વલ્લભ પ્રભુ પ્રગટયા દૈવી જીવ તારવા
શ્રીજી યમુનાજી શ્રીવ્રજ ગિરીરાજજી; વલ્લભકુળ પંચતત્વ સ્થાપવા
વલ્લભ પ્રભુ પ્રગટયા દૈવી જીવ તારવા
ચોરાશી વૈષ્ણવોને આપે શરણે લીધા, લખ ચોરાશીથી છોડાવવા
વલ્લભ પ્રભુ પ્રગટયા દૈવી જીવ તારવા
ચોરાશી બેઠકોમાં કૃષ્ણ કથાઓ કરી, ભક્તિ માર્ગે પ્રિતી વધારવા
વલ્લભ પ્રભુ પ્રગટયા દૈવી જીવ તારવા
પૃથ્વી પરિક્રમા આપે કીધી ત્રણ, નિજ ભક્તોને સુખ આપવા
વલ્લભ પ્રભુ પ્રગટયા દૈવી જીવ તારવા
વિખેર છે સામ્રાજ્યમાં હીણી પડેલો ધર્મ, હિંદુત્વનું ગૌરવ વધારવા
વલ્લભ પ્રભુ પ્રગટયા દૈવી જીવ તારવા
કોટિ કુસુમાયુધ લાવણ્ય રૂપથી, પુષ્ટિ જનોના મન મોહવા
વલ્લભ પ્રભુ પ્રગટયા દૈવી જીવ તારવા

૫૫ ધોળ - ૫૫

પ્રગટયા શ્રીવલ્લભરાય આજે આનંદ છે
આજે આનંદ છે આજે આનંદ છે
વરત્યો જય જય કાર .. આજે આનંદ છે

ચંપારણ્યમાં વ્હાલે પ્રાગટય લીધાં છે
માતા એલંમાજી ના લાલ .. આજે આનંદ છે

વૈશાખ માસને વદી એકાદશી
શુભ નક્ષત્ર શુભ વાર .. આજે આનંદ છે

તાત લક્ષ્મણભટ્ટ હૈયામાં હરખ્યા
હરખ્યા શ્રીઈલંમાજી માત .. આજે આનંદ છે

સોનાને પારણે લાલને ઝુલાવીયા
નંદ મહોત્સવ કીધો આજ .. આજે આનંદ છે

કદલીના સ્તંભ બેની રોપ્યા છે આંગણે
તોરણ બાંધ્યા છે દ્વાર .. આજે આનંદ છે

ભાત ભાતના ભોગ ધરાવીયા
વૈષ્ણવોને પ્રસાદ અપાય .. આજે આનંદ છે

સગા કુટુંબીને સ્નેહે તેડાવીયા
વરત્યો જય જય કાર .. આજે આનંદ છે

વ્રજ મંડળમાં આપ બિરાજ્યા
સેવ્યા શ્રીગોવર્ધનનાથ .. આજે આનંદ છે

દાસનો દાસ કહે કર જોડી
રાખો ચરણની પાસ .. આજે આનંદ છે

૫૬ ધોળ ૫૬

શ્રીવલ્લભમહાપ્રભુ રે ચંપારણમાં પ્રગટ થયા
શ્રીવલ્લભમહાપ્રભુએ ભક્તોને શરણે લીધા
શ્રીવલ્લભમહાપ્રભુએ પૃથ્વીની પરિક્રમા કીધી
આપની પરિક્રમામાં રે, ચોરાસી બેઠકો કીધી
શ્રીવલ્લભમહાપ્રભુએ જીવોને બ્રહ્મસંબંધ દીધા
આપના બ્રહ્મસંબંધમાં રે, પંચાક્ષર મંત્ર દીધો
શ્રીવલ્લભમહાપ્રભુ રે ચંપારણમાં પ્રગટયા તમે
શ્રીવલ્લભમહાપ્રભુએ ભક્તોને શરણાગતિ દીધી
આપની શરણાગતિમાં રે અષ્ટાક્ષર મંત્ર દીધો
શ્રીવલ્લભમહાપ્રભુ રે ચંપારણમાં પ્રગટયા તમે
શ્રીવલ્લભમહાપ્રભુએ ભક્તોને શરણે લીધા
આપના ચરણકમળમાં રે ભક્તિનાં દાન દીધા
શ્રીવલ્લભમહાપ્રભુ રે ચંપારણમાં પ્રગટ થયા

૫૭ ધોળ ૫૭

માયાની જાળમાં જુઠા સંસારમાં . . . રટીલો શ્રીવલ્લભ નામને
હાં રે પવન ઝેરી કલીયુગનો વાય છે

હાં રે મન માયામાં લલચાય છે
હાં રે તમે અંતરના પડદા ખોલી સંસારમાં . . . રટીલો શ્રીવલ્લભ નામને

હાં રે બાળપણ તો ગૂમાવ્યું રમી રંગમાં
હાં રે ગઇ છે જુવાની માયાના સંગમાં

હાં રે ઘડપણમાં સહેજે સંભારો ગોવિંદને . . . રટીલો શ્રીવલ્લભ નામને
હાં રે સૂરદાસ કહે છે જીવને

હાં રે ચેતી જાને ચેતાય તો સારું
હાં રે શ્રીવલ્લભ વિઠ્ઠલને ભજીલે સંસારમાં . . . રટીલો શ્રીવલ્લભ નામને

## ૫૮ ઢોળ ૫૮

શ્રીવલ્લભ પ્રાણ આધારને, નિરખવા ચાલોને સજનીજી
શાં શાં રે સુખડા વખાણીએ, નવ જાણું દિવસને રજનીજી
જીરે ગોવર્ધન ઘર થકી, પ્રીત તે અતિ ઘણી દેખીજી
તેણા તે પલક લાગે નહીં, જાણું જે ચિત્રમાં લેખીજી
પ્રેમે પરસ્પર બેહું જણા, વચન કહ્યા તે એવા એવાજી
મોકલીયા પ્રભુ આવીયા, પોતાના જીવ શરણે લેવાજી
જે જે કહ્યા તે કીધાજી, પ્રીતમ આજ્ઞાકારી એવાજી
પોતે કરીને બતાવીજી; વિવિધ પ્રકારની સેવાજી
બ્રહ્મસંબંધ કરાવીને, જીવનો કીધો છે અંગીકારજી
શ્રીભાગવત મંથન કરીને, જોયું સુબોધિનીજી સારજી
ગોકુળ ફરીને વસાવીયું, સાથ સર્વેને તેડીજી
જીવ ઉપર ઘણી દયા કરી, કાપી ભવબંધનની બેડીજી
લીલા કરી તે તે શી કહું, રસનાં તે એક જ આપીજી
દાસ ગોપળની વિનંતિ, પરિવાર સ્થિર કરી સ્થાપીજી

## ૫૯ ઢોળ ૫૯

શ્રીલક્ષ્મણભટ્ટજી હરખીયા રે લોલ
જોઈને સુંદર બાળ જો; પ્રગટયા શ્રીવલ્લભ મનભાવતા રે લોલ
ચૈત્ર વદી એકાદશી રે લોલ, પંદરસો પાંત્રીસની સાલ રે . . . પ્રગટયા
શુભદિન રવીવાર રે લોલ, મધ્યાહ્ન સમે સુખ રાસ જો . . . પ્રગટયા
અગ્નિકુંડ મધ્યે ખેલતા રે લોલ, ચરણ અંગુષ્ટ મુખમાંય જો . . . પ્રગટયા
જોયા માતાજીએ બાળને રે લોલ, ઉપજ્યું અતિશય વ્હાલ જો . . . પ્રગટયા
દૂધ ધાર છૂટી સ્તન રે લોલ, એ છે નિશ્ચય મુજ લાલ જો . . . પ્રગટયા
મારગ અગ્નિ આપશે રે લોલ, એ છે અલૌકિક બાળ જો . . . પ્રગટયા
અગ્નિએ મારગ આપીયો રે લોલ, તેડી લીધા તત્કાળ જો . . . પ્રગટયા
ચુંબન કરી અતિ વ્હાલથી રે લોલ, આપ્યાં લક્ષ્મણભટ્ટ હાથ જો . . . પ્રગટયા
હૃદય સરસાં ચાંપીયા રે લોલ, આનંદ ઉર ન સમાય જો . . . પ્રગટયા
ચંપારણ્ય શુભ સ્થાનમાં રે લોલ, વર્ત્યો છે જય જય કાર જો . . . પ્રગટયા
દેવાનાં દુંદુભી વાગીયા રે લોલ, આનંદ ઉત્સવ થાય જો . . . પ્રગટયા
વિરહના અગ્નિ સ્વરૂપ છે રે લોલ, પ્રેમી પ્રીતમ રસરૂપ જો . . . પ્રગટયા

## ૬૦ ઢોળ ૬૦

સ્મરણ કરવું શ્રીવલ્લભનાં નામનું રે
જેથી જન્મ મરણ ટળી જાય . . . સ્મરણ કરવું

વલ્લભમાં લીલા સમુદ્ર ભરપૂર ભર્યા રે
એ છે આનંદ પરમાનંદનું મૂળ . . . સ્મરણ કરવું

જીવ તારી નીંદ્રા હજી નથી ઉડતી રે
સાંભળ તું ક્યાંથી આવ્યોન ને ક્યાં જનાર . . . સ્મરણ કરવું

જીવ તું જન્મી ફસાયો માયાના કુંડમાં રે
તારું નીજ સ્વરૂપ સંભાળ . . . સ્મરણ કરવું

રોમરોમ રસના સાગર ઉછળે રે
માથે ઝઝૂમી રહયો છે કાળ . . . સ્મરણ કરવું

રોમરોમ વિરહની આગ ભભૂકતી રે
વિરહનું દાન કરોને દાતાર . . . સ્મરણ કરવું

જન્મધરી આત્માનું સાધન ના બન્યું રે
મૂરખા એળે ગુમાવ્યો અવતાર . . . સ્મરણ કરવું

ચિંતન કરવું સદા પૂર્ણ ભાવથી રે
એવા વલ્લભને ક્ષણના વિસરાય . . . સ્મરણ કરવું

૬૨ શ્રી વલ્લભ અવનીએ અવતર્યા એ, ૬૭
બ્ર હ્મ વા દ નો ક ર વા પ્ર કા શ–
વૈષ્ણુવ હો, આવો વલ્લભ ગુણુ ગાઈએ.
પુષ્ટિ–ભક્તિનો કરવા પ્રકાશ – વૈષ્ણુવ હો૦ ૧
પ્રિયા – પ્રીતમ નિજ ધામમાં બિરાજ્યાં,
કાંઈ રસ રૂપ કરતાં વિહાર – વૈષ્ણુવ હો૦ ૨
નજરે પડ્યા દૈવી જીવો લીલાના,
ભૂલ્યા સ્વ સ્વરૂપનું ભાન – વૈષ્ણુવ હો૦ ૩
લૌકિક આસુરી જીવોના સંગમાં,
સૌ બાવરા માયાના ગુલામ – વૈષ્ણુવ હો૦ ૪
ઉપજી કરુણા પ્રિયા – પ્રીતમને,
સોંચ્યું એમનો કરવા ઉદ્ધાર – વૈષ્ણુવ હો. ૫
લી લા ના સા ક્ષી શ્રી મુ ખ રૂ પ જે,
અલૌકિક અગ્નિ સાક્ષાત – વૈષ્ણુવ હો૦ ૬
દીધી આજ્ઞા ભૂતલે પધારવા,
ત્યારે પ્રગટ્યા શ્રી વલ્લભ આપ – વૈષ્ણુવ હો૦ ૭
હરિ – મુખ – અગ્નિ એ શ્રી વલ્લભ પ્રભુ,
કર્યો પુ ષ્ટિ – ભ ક્તિ નો પ્ર કા શ–
કર્યો માયા તિમિરનો નાશ – વૈષ્ણુવ હો૦ ૮
બ્રહ્મ સંબંધ દઈ ભગવદ્ આજ્ઞાએ,
ટાળ્યા જીવના પંચ વિધ દોષ – વૈષ્ણુવ હો૦ ૯
તુલસી સમર્પ્યા શ્રી હરિ ચરણમાં,
સોંપ્યા સેવવા શ્રી વ્રજનાથ – વૈષ્ણુવ હો૦ ૧૦
કહી ગૂઢ – અર્થ શ્રી ભાગવત કેરો,
પાયો લીલામૃતનો પ્રસાદ – વૈષ્ણુવ હો૦ ૧૧
રચી અનેક લઘુ – મોટા ગ્રંથો,
આપ્યો પુષ્ટિ – આચારનો બોધ – વૈષ્ણુવ હો૦ ૧૨
કરી પરિધાન ધોતી ને ઉપરણો,
અડવાણે ચરણે મહારાજ – વૈષ્ણુવ હો૦ ૧૩
વિકટ સમયમાં ઘૂમ્યા ભારતમાં,
દૈવી જીવ હેત ત્રણ વાર – વૈષ્ણુવ હો૦ ૧૪
કૃષ્ણ – ભક્તિનો બોધ આપી અને,
કૃષ્ણ સેવાનો સમજાવ્યો મર્મ – વૈષ્ણુવ હો૦ ૧૫
વ લ્લ ભ ગુ ણ નિત્ય પ્રેમથી ગાતા,
થશે દીન દાસ સૌનો બેડો પાર – વૈષ્ણુવ હો૦ ૧૬
૯૧

52 વલ્લભ પધારો મારે મંદિરિયે, વ્હાલા વલ્લભ;
હું તો જોઉં છું તમારી વાટ – વલ્લભ૦ ૧
મારૂં મંદિર શણગાર્યું ફૂલડાંથી,
માંહીં છાંટ્યાં છે અત્તર ફુલેલ – વલ્લભ૦ ૨
લીપી ગુંપી ગોબર ને ગોમૂત્રે,
અગર ચંદન સુગંધી સાથ – વલ્લભ૦ ૩
હેતે કરી મેં આસન બિછાવ્યાં,
ગાદી તકિયા મખમલના સાર – વલ્લભ૦ ૪
મેં તો ઉત્તમ સામગ્રીઓ સિદ્ધ કરી,
ઘણા પ્રેમથી તમારે કાજ – વલ્લભ૦ ૫
નિત્ય જંપું માળ વલ્લભ તુજ નામની,
ધ્યાન ધરૂં હું આપનું સ્વરૂપ – વલ્લભ૦ ૬
કૃપા કરી મારી વિનંતિ સ્વીકારો,
પૂરો મારા મનની આ આશ – વલ્લભ૦ ૭
કહો શ્રીમુખથી ઓ વલ્લભ વ્હાલા,
દીન દાસ તું સદા મુજ દાસ – વલ્લભ૦ ૮

53 આજ તો વધાઇ છાઇ ચંપારેણું ધામરી
જાયો હે ઇલ્લમાગારૂ લક્ષ્મણ નંદરી. માઇ આજ. ૧
પ્રગટે હે પૂરણ બ્રહ્મ અખિલ નિગમરૂપ,
અગનિ કુંડ મધ્યે દેખો દ્વિજકુલ ચંદરી. માઇ આજ ૨
દોડ્યા આવે માતતાત હરખી નિરખી શ્યામગાત,
દ્રષ્ટિશું દ્રષ્ટિ મિલિ ભયો હે આનંદરી. માઇ આજ ૩

છુટી સ્તન ધાર, નભ ભયો જયજયકાર,
દીયો હે મારગ જનની આનંદ કંદરી. માઇ આજ. ૪
લીયો હે ઉછંગ માત દીયો પુનિ ગોદ તાત,
નિરખી ભયો હે સબકો આનંદરી. માઇ આજ. ૫
ભઇ હે આકાશવાણી સબકે મનમાની,
પુષ્ટિ પથ સ્થાપન કીયો જશોમતિ મંદરી. માઇ આજ, ૬
કૃષ્ણ પક્ષ માધો માસ, શુભદિન એકાદશી આજ,
દધિ દૂધ છીરકત નાચે સુખ કંદરી. માઇ આજ, ૭
દીયો હે ગોગાલ માલ, નિશદિન નંદલાલ,
નામ ધર્યો શ્રીવલ્લભ, ગયો દુઃખ દંદરી. માઇ આજ. ૮
બ્રહ્માશિવ ઇંદ્રાદિક સુર નર મુનિજન,
નારદ ગંધર્વ જે જે કરત અતિ જગવંદરી. માઇ આજ. ૯
દેવતા વિમાન ચઢિ; પુષ્પનકી વૃષ્ટિ ભઇ,
'કૃષ્ણદાસ'જસ ગાયો, ભયો હે આનંદરી. માઇ આજ ૧૦

૬૪

ભકિતનગરની પ્રેમ ગલીમાં વલ્લભ વહાલો રહે છે રે,
ડહાપણુ ડાયાનું રજ ન ચાલે ઘેલા દર્શન દે છે રે. ૧
વલ્લભનું ઘર વાકું ને ચુંકું જટપટ હાથ ન આવે રે,
વલ્લભી વિના મારગ ન સૂઝે ભોમીયો પંથ બતાવે રે. ૨
શ્રદ્ધા અને વિશ્વાસ બે સંગી સાથે લઇને જાજે રે,
સંકટ પડે તો સામનો કરજો, મનમાં નવ મુંઝાસો રે. ૩
લોભ મોહની ખાઇ ભયંકર, ધીરજથી કૂદી જા જો રે,
કામ ક્રોધના કિલ્લા મજબૂત, જીતી આગળ ધાજો રે. ૪
તૃષ્ણા રૂપી એક કૃત્ય ત્યાં, ભલ ભલાને ખાતી રે,
નામ સ્મરણનું હથીયાર રાખી, મજબૂત રાખજો છાતી રે. ૫
માથા સાટે મિલન વલ્લભનું, જેવા તેવાનું નહિ કામ રે,
મારા તારાની મૂકે માથા ફૂટ, પોંચે તે નિજ ધામ રે. ૬
પ્રેમ શુરા પડે ન પાછા, સામા પગલાં માંડે રે,
વલ્લભ ગુણના 'ઘેલા' ભગતડા, જગત ડંકો વગાડે રે. ૭

(૬૫)

પુષ્ટિમાર્ગનાં પાંચ તત્ત્વનું ધોળ

પુષ્ટિમાર્ગના પાંચ તત્ત્વ નિત્ય ગાયે જી,
તેના જન્મો જન્મનાં પાપ સર્વે જાયે જી.
શ્રીજી શ્રીનવનીતપ્રિયા સુખકારી જી,
સમરો શ્રીમથુરાનાથ કુંજબિહારી જી.
શ્રીવિઠ્ઠલેશરાય દ્વારકેશરાય ગિરિધારી જી,
શ્રીગોકુલચંદ્રમાજી શ્રીમદનમોહન પર વારીજી.
બીજું તત્ત્વ શ્રી વલ્લભકુળને ભજીયે જી,
કુળ લોકલાજ ને કા'ન સર્વે તજીયે જી.
ત્રીજું તત્ત્વ શ્રીગોવર્ધન ગ્રંથ ગાઇએ જી,
ગમતું શ્રી નટવરલાલનું થાયે જી.
ચોથું તત્ત્વ શ્રી યમુનાજીને જાણો જી,
કરો દર્શન ને પયપાન એ સુખ માનો જી.
પાંચમું તત્ત્વ શ્રીવ્રજભુમિજીને ગાઇએ જી,
નિત્ય ઊઠી વૈષ્ણવજન પદ રજ લઇએ જી.
પાંચ તત્ત્વનું ધ્યાન નિરંતર ધરીએ જી,
તો મન વાંચ્છિતાં ફળ સરવે પાઇએ જી.
પાંચ તત્ત્વ શિવ-બ્રહ્માદિકને દુર્લભ જી,
શ્રીવલ્લભ પ્રભુ પ્રગટયા પ્રમાણ કીધાં સર્વે સુબલજી.
એ શોભા જોઇ હરિદાસ જાય બલિહારી જી,
એ લીલા ગાજો નિત્ય નર ને નારી જી.